Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-

Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year: 6, Issue:200 Dt.05-06-2021 (Saturday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

# ગુજરાતની ધરાને મેઘાનું વ્હાલ : એક થી ચાર ઈંચ વરસાદ





**સૌથી વધુ ખેડામાં ચાર ઈંચ વરસાદ, રાજયના ૮૨ તાલુકાઓમાં મધ્યમ વરસાદથી આનંદ, અરવલ્લી સહિતના જિલ્લાઓમાં નદી નાળા છલકાયા, વિખ્યાત ધોધ ફરી વહેતા થયા**

**સારા ચોમાસાનો સંકેત મળતા ખેડૂતોમાં લાપસીના આંધણ, વાવણીની તૈયારીઓ શરૂ, અનેક સ્થળે વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ, ગરમી અને અસહય ઉકળાટથી લોકોને ભારે રાહત**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૫

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાક દરમ્યાન અનેક વિસ્તારોમાં મેઘરાજાએ કૃપા વરસાવી છે અને રાજયના ૮૨ જેટલા તાલુકાઓમાં એક થી ચાર ઈંચ જેવો વરસાદ થયાનું નોંધાયું છે તેના પગલે સારા ચોમાસાના સંકેતથી ખેડૂતોમાં ખુશાલી પ્રસરી વળી છે અને વાવણીની તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. સૌથી વધુ ખેડામાં ચાર ઈંચ વરસાદ પડયાનું નોંધાયું હતું. અમદાવાદમાં બે થી અઢી ઈંચ વરસાદ થયાનું નોંધાયું હતું. મેઘરાજાએ સર્વત્ર કૃપા વરસાવવાનું શરૂ કરતા કુદરત પણ ખીલી ઉઠી છે અને નયન રમ્ય દ્રશ્યો સર્જાયા છે.

અમદાવાદમાં છેલ્લા બે દિવસથી વરસાદ પડી રહયો છે જેના કારણે મહાનગર પાલિકાની પ્રિ-મૌનસુન કામગીરીની પોલ ખુલી જવા પામી છે. મહાનગરમાં ઠેર-ઠેર જળબંબાકારની સ્થિતિ સર્જાતા વાહન ચાલકોને અને રાહદારીઓને હાડમારીનો સામનો કરવો પડી રહયો છે. અમદાવાદમાં છેલ્લા ૨૪ કલાકમાં બે ઈંચથી વધુ પાણી પડી ગયાનું નોંધાયું છે. નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઇ ગયાની ફરીયાદો ઉઠવા પામી છે.

દક્ષિણ અને ઉત્તર ગુજરાત તથા મધ્ય ગુજરાતમાં પણ અનેક તાલુકાઓમાં એકથી માંડીને અઢી થી ત્રણ ઈંચ સુધી વરસાદ પડયો છે અને હજુ ચાલુ છે તેમ સરકારી આંકડા દર્શાવે છે. ખેડામાં ચાર ઈંચ, ઉમરપાડા, નવસારી આણંદ, મહુઆ, નળીયાદ, વસો, જલાલપુર વગેરે વિસ્તારોમાં બે થી ત્રણ ઈંચ જેવો જોરદાર વરસાદ થયાનું નોંધાયું છે. કલોલ, મહેમદાવાદ અને કામરેજ વગેરે વિસ્તારોમાં એક થી સવા બે ઈંચ જેવો વરસાદ પડયાનું નોંધાયું હતું. છેલ્લા ૨૪ કલાક દરમ્યાન ૮૨ તાલુકાઓમાં મેઘરાજાએ આગમન કર્યુ છે અને કૃપા વરસાવવાનું શરૂ કરતા નદી-નાળા છલકાઇ ઉઠયા છે.

અરવલ્લીમાં ભીલોડા પાસે આવેલો વિખ્યાત સુનસર ધોધ ફરીથી વહેતો થઇ ગયો છે અને જોવા માટે સહેલાણીઓ ઉમટી રહયા છે. મોસમના પહેલા વરસાદ સાથે

(અનુ.પાના નં.૪ ઉપર)

# જો સાવધ રહીએ તો ત્રીજી લહેર ન પણ આવે : નીતિ આયોગ

## જો અગાઉ જેવી ગફલત રાખી તો ગંભીર પરિણામ, કેન્દ્રની દેશવાસીઓને ચેતવણી, સાવધ રહેશું તો ઓછું નુકશાન

**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૫

જો લોકો ગયા ડિસેમ્બર અને જાન્યુઆરી જેવી ગફલતો અને ભુલો કરશે તો કોરોનાના ત્રીજા વેવનો સામનો કરવો પડશે અને જો સાવધાની રાખવામાં આવશે તો અને કોવિડ પ્રોટોકોલનું પાલન કરવામાં આવશે તો ત્રીજી લહેર વધુ ગંભીર નહીં બની શકે અને કદાચ ત્રીજી લહેરનો સામનો ન પણ કરવો પડે. એવું મંતવ્ય નીતિ આયોગ દ્વારા વ્યકત કરવામાં આવ્યું છે.

નીતિ આયોગ (આરોગ્ય) સભ્ય વી.કે.પૌલે જણાવ્યું હતું કે, કોરોનાની બીજી લહેર હવે દેશમાં ખતમ થઇ રહી છે. દરેક રાજયમાં રોજીંદા કેસ અને મૃત્યુઆંકમાં ઝડપ ભેર ઘટાડો નોંધાઇ રહયો છે. કેન્દ્ર સરકારે એ છતાં લાલ બત્તી ધરી છે કે, કોરોના વાઇરસે હજી તેની દિશામાં ફેરફાર કર્યો નથી. એટલે પરિસ્થિતિ સુધરી રહી હોય તો પણ

જો લોકો ગત ડિસેમ્બર-જાન્યુઆરી જેવી બેદરકારી ભરી જીંદગી જીવવા લાગશે તો આપણે ફરીથી સંકટ સમયનો સામનો કરવો પડી શકે છે. આપણા વર્તનની જેમ જ લહેરની તીવ્રતા રહેશે અને જો એકદમ સાવધ રહીએ અને નિયમોનું પાલન કરતા રહી એ તો ત્રીજી લહેર ટુંકી અને નબળી રહેશે અને કદાચ ન પણ આવે.

કેન્દ્રના આરોગ્ય મંત્રાલયનો ડેટા દર્શાવે છે કે, ગત ૭મી મેના રોજથી કોરોનાના દૈનિક કેસોમાં ૬૮ ટકાનો જોરદાર ઘટાડો નોંધાયો છે. દેશના ૩૭૭ જિલ્લાઓમાં ૫ ટકાથી ઓછી કેસ પોઝિટિવીટી નોંધાયી છે. અત્યારે માત્ર ૨૫૭ જિલ્લાઓમાં દૈનિક ૧૦૦થી વધુ કેસો જોવા મળી રહયા છે.

(અનુ.પાના નં.૪ ઉપર)

# ચેન્નાઈ ઝુમાં કોરોનાથી એક સિંહણનું મોત, અન્ય આઠ સંક્રમિત

## કુલ ૯ સિંહ–સિંહણને કોરોના પોઝિટિવ જણાતા તંત્રમાં દોડધામ



**(એજન્સી સમાચાર)**
ચેન્નાઇ, તા.૫

તામીલનાડુના પાટનગર ચેન્નાઇના વિખ્યાત અન્ના આરી નગર અન્ના ઝુઓલોજીકલ પાર્કમાં કોરોનાના ચેપની એક સિંહણનું મૃત્યુ થયું છે અને આઠથી વધુ સિંહ-સિંહણ કોરોના સંક્રમિત હોવાનું બહાર આવતા તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. કુલ નવ જેટલા સિંહ-સિંહણને ચેપ લાગ્યું હોવાનું રીપોર્ટમાં બહાર આવ્યું હતું.

મે મહિનાના એન્ડમાં પાંચ જેટલા સિંહને કફ અને ઓછી ભુખનાં લક્ષણો દેખાયા હતા. નિષ્ણાંતોએ સેમ્પલ લઇને ટેસ્ટીંગ માટે મોકલ્યા હતા. કુલ નવ સિંહના ટેસ્ટીંગમાં તમામને કોરોના ચેપ લાગ્યાનું જાણવા મળ્યું હતું. રીપોર્ટ આવ્યા બાદ ૯ વર્ષની નીલા નામની સિંહણનું મૃત્યુ થયાનું નોંધાયું હતું. આ તમામ સિંહના વધુ પરિક્ષણ માટે એમના સેમ્પલ બરેલી સ્થિત ઇન્ટિયન વેટેરીનરી રીસર્ચ ઇન્ટીટયુટને પણ મોકલવામાં આવયા છે. હૈદરાબાદ લેબોરેટરીમાં પણ સેમ્પલ મોકલવામાં આવ્યા છે.

અત્યારે ઝુમાં નિષ્ણાંતો અને પશુ ચિકિત્સકોની સલાહ મુજબ

(અનુ.પાના નં.૪ ઉપર)

## આજે વિશ્વ પર્યાવરણ દિન, દેશભરમાં અનેક કાર્યક્રમો

# જૈવિક ઈંધણ અંગે ખેડૂતો સાથે વડાપ્રધાન મોદીનો સંવાદ

## પર્યાવરણના મહત્વ અંગે ખાસ કાર્યક્રમ, પુણેના પ્રોજેકટનું ઇ–લોકાપર્ણ



**ગુજરાતને પ્રદુષણ મુકત કરવા મુખ્યમંત્રી વિજય રૂપાણીનો સંકલ્પ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૫

દેશભરમાં આજે વિશ્વ પર્યાવરણ દિનની ઉજવણીના કાર્યક્રમો યોજાઇ રહયા છે. અનેક મહત્વકાંક્ષી ગ્રીન પ્રોજેકટનું ઉદ્‌ઘાટન કરવામાં આવી રહયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે એક ખાસ કાર્યક્રમમાં જૈવિક ઇંધણ અંગે ખેડૂતો સાથે ખાસ સંવાદ કર્યો હતો. આ તકે પેટ્રોલમાં મીથેનોલનું મીશ્રણ કરવા અંગેનો ખાસ અહેવાલ પણ બહાર પાડવામાં આવ્યો હતો. વડાપ્રધાને ખેડૂતો સાથે જૈવિક ઇંધણના મહત્વ અંગે ચર્ચા વિચારણા કરી હતી.

દેશમાં કુલ ત્રણ સ્થળે ઇ-૧૦૦ વિતરણ સ્ટેશનનો આજે શુભારંભ કરવામાં આવી રહયો છે. એ પૈકિના પુણે ખાતેના પાઇલોટ પ્રોજેકટનું વડાપ્રધાનના હસ્તે ઇ-લોકાપર્ણ કરવામાં આવ્યું હતું. એક ખાસ કાર્યક્રમમાં વડાપ્રધાને હાજરી આપી હતી અને વીડિયો કોન્ફરન્સથી સંબોધન કર્યુ હતું.

વિશ્વ પર્યાવરણ દિન નિમિત્તે ખાસ સંબોધન કરતા મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ગુજરાતને પ્રદુષણ મુકત કરવાનો સંકલ્પ વ્યકત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, રાજયમાં સોલાર અને પવન ઉર્જા પર વધુ ભાર મુકવામાં આવી રહયો છે. વિશ્વના સૌથી મોટા સોલાર અને વિન્ડ એનર્જી પ્રોજેકટનું કામ ચાલી રહયું છે. તેમણે કહયું હતું કે, અત્યારે ગુજરાતમાં વાર્ષિક ૧૭ મીલીયન ટન કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં સફળતા મળી છે. રાજયને ઉત્તમમાંથી સર્વોત્મ બનાવવું છે.

મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, વાતાવરણમાં કાર્બનનું ઉત્સર્જન નહીંવત થઇ જાય એ માટે ઇલેકટ્રીક વાહનોનો વપરાશ વધારવામાં આવશે. રાજયમાં સીએનજી પમ્પની સંખ્યા પણ વધારીને ૯૦૦ સુધી લઇ જવામાં આવી છે.

# બાબા રામદેવના મો પર લગામ મુકવાનો દિલ્હી હાઈકોર્ટનો ઈન્કાર

## તબીબો અદાલતનો સમય બગાડવાને બદલે કોરોનાનો ઈલાજ શોધો

**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૫



એલોપેથી દવાઓ અને પધ્ધતી વિરૂધ્ધ નિવેદનો કરતા બાબા રામદેવને અટકાવવાની દિલ્હી મેડિકલ એસોસિએશનની માંગણી દિલ્હી હાઇકોર્ટે નકારી કાઢી હતી. બાબા રામદેવ એલોપેથી સામે આકરા વિધાનો ન કરે અને એમણે શોધેલી કોરોના દવા કોરોનીલની તરફેણમાં ન બોલે એવો બાબાને આદેશ આપવા દિલ્હી મેડિકલ એસોસિએશને હાઇકોર્ટને અરજ કરી હતી. હાઇકોર્ટે આવો કોઇ આદેશ આપવાનું નકારતા દર્શાવ્યું હતું કે, વાણી સ્વાતંત્ર્યના અધિકારને ધ્યાનમાં રાખીને આવો આદેશ આપવાનો રહે છે.

અદાલતે બાબા રામદેવને સમન્શ પાઠવ્યું છે પણ સાથે સાથે ડીએમએના દાવાની યોગ્યતા અંગે પણ શંકા દર્શાવી છે. હાઇકોર્ટે એક તબક્કે તો એવી ટકોર કરી હતી કે, અદાલતનો સમય બગાડવાને બદલે મેડિકલ એસોસિએશને મહામારીનો ઇલાજ શોધવા પાછળ સમયનો ખર્ચ કરવો જોઇએ. જસ્ટીસ શ્રીહરી શંકરે આવા દાવા દાખલ કરવા બદલ નવાઇની લાગણી વ્યકત કરી હતી. તેમણે સવાલ કર્યો હતો કે, કાલે ઉઠીને હું હોમીયોપેથી સામે બોલુ તો શું એ લોકો દાવો દાખલ કરવા આવશે? બાબા રામદેવ સાચા હોય કે ખોટા પણ એલોપેથી ચિકિત્સા નબળી હોય એવું હું માનતો નથી. યોગ ગુરૂને પણ બોલવાનો અધિકાર છે. બંધારણે આપેલો એ હક છે જો કે અદાલતે બાબા રામદેવના ધારાશાસ્ત્રીને તાકિદ કરી હતી કે, કોઇ ઉશ્કેરણી જનક નિવેદનો કરવા નહીં.




# ભાજપમાંથી તૃણમૂલ તરફ નેતાઓની ઘર વાપસીનો ઘસારો

## ચૂંટણીઓ પહેલા ભાજપમાં ગયેલા ૩ સાંસદો અને ૩૦ ધારાસભ્યો ફરી મમતાને શરણે જવા આતુર



**(એજન્સી સમાચાર)**
નવી દિલ્હી, તા.૫

પશ્ચિમ બંગાળમાં વિધાન સભાની ચૂંટણીઓ પહેલા મમતા બેનર્જીના વહાણમાંથી કુદકા મારી મારીને એક પછી એક સાંસદ, ધારાસભ્યો અને નેતાઓએ રાજીનામા દઇ ભાજપમાં પ્રવેશ કર્યો હતો. પરંતુ ચૂંટણીઓના પરિણામો બાદ ભાજપમાં પ્રવેશેલા આ તમામ નેતાઓ અકળાઇ ઉઠયા છે અને કોઇ પણ ભોગે તૃણમૂલ કોંગ્રેસમાં ઘર વાપસી કરવા માટે આતુર બન્યા છે. ટીએમસી છોડી ગયેલા આવા ૩ સાંસદો અને ૩૦ જેટલા ધારાસભ્યો ભાજપ છોડી ફરીવાર ટીએમસીમાં જોડાવા વિનવણી કરી રહયા છે. દીપેન્દુ બિસવાસ અને સોનાલી ગુહા જેવા ધારાસભ્યોએ તો ટીએમસીના વડા તથા મુખ્યમંત્રી મમતા બેનર્જીને પત્ર પાઠવી ભાજપમાં જોડાવાના નિર્ણય અંગે અફસોસ પણ વ્યકત કર્યો છે અને ફરીથી ટીએમસીમાં લઇ લેવા મમતાને વીનવણી કરી છે.

ચૂંટણીઓ બાદના પરિણામો આ નેતાઓ માટે આઘાત જનક રહયા છે અને હવે તેઓ ફરીથી ટીએમસીમાં જોડાવવા માટે બે હાથ જોડી રહયા છે. જો કે હજુ ટીએમસી નેતાગીરીએ એમની ઘર વાપસી અંગે કોઇ નિર્ણય લીધો નથી. તૃણમૂલ કોંગ્રેસના ઉચ્ચ વર્તુળોએ જણાવ્યું હતું કે, પક્ષ છોડી ગયેલાને ફરીથી પક્ષમાં લેવા અંગે આખરી નિર્ણય મમતા બેનર્જી કરશે. ખુબ જ ચોકસાઇ સાથે અને વીણીવીણીને અમુક નેતાઓને જ પાછા લેવામાં આવે એવી શકયતા છે. જેથી કરીને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીઓ પહેલા પક્ષની નેતાગીરી અને કાર્યકર ગણને સંદેશો આપી શકાય. કોઇ દગલબાજી સહન કરવામાં નહીં આવે એવો સંદેશો મમતા આપવા માંગે છે. સોનાલી ગુહા જેવા ધારાસભ્યોએ તો ટીવી પડદે રીતસર હાથ જોડીને મમતાની માફી માંગી હતી અને માફ કરી દેવા વિનંતી કરી હતી. ગુહાએ પત્રમાં ત્યાં સુધી લખ્યું હતું કે, માછલી જળની બહાર લાંબો સમય જીવી શકે નહે. મમતા દીદી હું આપના વગર વધુ જીવી નહીં શકું.

તૃણમૂલના સ્થાપક પૈકીના એક ગણાતા દીગ્ગજ નેતા ગોકુલ

(અનુ.પાના નં.૪ ઉપર)

**પક્ષ છોડી ગયેલાને પાછા લેવાનો આખરી નિર્ણય મમતા બેનર્જી કરશે**

# ભાજપના લોકોનો સામાજીક બહિષ્કાર કરો એવા લખાણ સાથેના પોસ્ટર દેખાતા ભાજપમાં હલચલ

**(એજન્સી સમાચાર)**
કોલકત્તા, તા.૫

બંગાળના પશ્ચિમ મેદનીપુર જિલ્લામાં ભાજપના લોકોનો સામાજીક બહિષ્કાર કરવાનું એલાન આપતા લખાણ સાથેના પોસ્ટરોએ દેખા દેતા ભાજપમાં હલચલ મચી જવા પામી છે. તૃણમૂલ કોંગ્રેસના નામે આવા પોસ્ટર ઠેર-ઠેર લગાડવામાં આવ્યા છે. જેમાં લોકોને અપીલ કરવામાં આવી છે. ભાજપના ચોક્કસ નેતાઓ અને કાર્યકરોને કોઇ પણ ચીજ વસ્તુનું વેંચાણ કરવું નહીં. એમને ચા પાનના લારી-ગલ્લા પર ચા પણ આપવાની નથી. દુકાનદારોને આદેશનો અમલ કરવા ચેંતવણી પણ અપાઇ છે. જિલ્લાના મહિડાકેસપુર વિસ્તારમાં આવા પોસ્ટરો વધુ દેખાયા છે.

# આજે અતુલપુરી ગોસાઈનો જન્મદિવસ



અમરેલી : દશનામ ગોસ્વામી સમાજના યુવા અગ્રણી ભાજપના મીડિયા કન્વીનર અને નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના સભ્ય અતુલપુરી ગોસાઈનો આજે જન્મદિવસ છે. સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી જન્મદિવસની શુભકામનાઓ...

# અમરેલીના હિરેન સાકરીયાનો આજે જન્મદિવસ



સ્વભાવે શાંત અને વ્યક્તિત્વ ધરાવતા હિરેનભાઇ નો આજે જન્મદિવસ છે અમદાવાદને પોતાની કર્મભૂમિ બનાવનાર હિરેન પાસેથી ઘણું બધુ શીખવા જેવું છે મા ખોડલ અન્વય શ્રદ્ધા રાખતો આ યુવાન અનોખી માટીનાનો માનવી છે ત્યારે એમને જન્મદિવસની ખુબ ખુબ શુભેચ્છાઓ.

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play SK NEWS સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

**93276 28571 ઉપર Whats App કરો**

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




## આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટયુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

**SUBSCRIBE**
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

## પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

**જાહેરાત માટે સંપર્ક કરો: 90333 44426**




## આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

## તંત્રી સ્થાનેથી...

### ગ્લોબલ વોર્મિંગની આડકતરી ચેતવણીઓ છતાં વિશ્વના દેશો બેધ્યાન કેમ....?!

વિશ્વભરમાં કોરોના મહામારીએ સારા અને નરસા બે પાસા બતાવી દીધા છે પરંતુ વિશ્વના દેશોની જે તે સરકારો તથા લોકો તેમાંથી બોધપાઠ લેશે કે કેમ.? એ મોટો સવાલ છે! કારણ એક માત્ર ચીને વિશ્વના કેટલાક દેશોને દરિયામાં વિવિધ ઉબાડીયા કરીને લાવ લશ્કર સાથે ખડકાવરાવી દીધા છે તો પડોશી દેશોમાં પણ ઘુસણખોરી કરીને તેમજ સરહદે લાવ લશ્કર શસ્ત્ર સરંજામ સાથે ખડકી દઈને પડોશી દેશોને દોડતા કરી દેવા સાથે ઊંઘ હરામ કરી નાખી છે. ટૂંકમાં ચીન વિશ્વના દેશોને શાંતિ લેવા દેવા માગતું નથી!? જ્યારે કે કોરોના મહામારીને કારણે વિશ્વભરમા ભારત સહિત વિવિધ દેશોની સરકારોએ લોક ડાઉન, પ્રતિબંધનાત્મક આદેશો, કર્યુ સહિતના પગલાં લેવા પડ્યા. જેને કારણે જળ, વાયુ પ્રદૂષણમાં મોટો ઘટાડો થયો હતો પરંતુ લોકડાઉન સહિતના આદેશો હટવા સાથે છૂટછાટો આપતા જળ,વાયુ પ્રદુષણમા વધારો થવા લાગ્યો પરિણામ વિશ્વના ગ્લોબલ વોર્મિંગ તેજ થવા લાગ્યું અને વિવિધ સમયે વિશ્વના દેશોને તેની અસરો બતાવવાનું શરૂ કરી દીધું છે. વિવિધ દેશોમાં અવાર નવાર વાવાઝોડા રૂપે ત્રાટકવા શરૂ કરી દીધું છે. જેનો અનુભવ ભારતને તાજેતરમાં જ થયો છે. આ ત્રાટકેલા તમામ વાવાઝોડાઓએ જે જે દેશોમાં ત્રાટક્યા ત્યાં ભારે તબાહી સાથે વિપુલ નુકશાન કર્યું છે. તો વિશ્વના બરફાચ્છાદિત વિસ્તારોનો બરફ ઓગળવા લાગ્યો છે અને સમુદ્રના જળ સ્તર વધવા લાગ્યા છે. જેને કારણે સમુદ્ર કિનારાના વિસ્તારો સમુદ્રમાં ગરક થવા લાગ્યા છે. તો દિન-બો-દિન નવા નવા રોગો પણ સામે આવવા લાગ્યા છે અને માનવજાત તેનો ભોગ બની રહી છે! તે સાથે વિશ્વના ઋતુચક્રમાં પણ ફેરફાર થવા લાગ્યા છે તેના પરિણામો ભવિષ્યમાં દુષ્કર બની રહેશે તેમ કહેવુ તેમાં અતિશયોક્તિ નથી! વિશ્વભરમા ભારત સહિતની જે તે સરકારો ગ્લોબલ વોર્મિંગ બાબતે અને તેના પરિણામો બાબતે વાતો કરે છે અને ચિંતા વ્યક્ત કરે છે. તો વિશ્વના વિજ્ઞાનીઓ અને નિષ્ણાંતો પણ ગ્લોબલ વોર્મિંગથી થનારા નુકસાન અને પરિણામોની જાણકારી આપવા સાથે તેને રોકવા હવામા કાર્બનનું પ્રમાણ ઘટાડવા બાબતેની સલાહ સાથે ચેતવણી આપી રહ્યા છે. પરંતુ જ્યા વિશ્વભરના મોટા ભાગના દેશોમા વિકાસની આંધળી દોટ ચાલી રહી હોય અને તેમાં પણ જે તે દેશો તથા મહાસત્તાઓ વચ્ચે વિકાસની દોડમાં સ્પર્ધા ચાલી રહી હોય તે દેશો ગ્લોબલ વોર્મિંગ બાબતે વાતોના વડાં કરવા સિવાય કશું કરતા નથી! કોરોના મહામારીએ મોટી શીખ આપી છે કે હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને પ્રાથમિકતા આપો પરંતુ ૨૦૨૦ ની કોરોનાની પ્રથમ લહેરની આ ચેતવણીની કોઈ દેશોએ નોંધ લીધી નહીં કે પછી ધ્યાન આપ્યું નહીં! અને ૨૦૨૧ મા બીજી લહેર ત્રાટકી ત્યારે વિશ્વના ભારત સહિતના મોટા ભાગના દેશોની હેલ્થ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પછાત પણાની પોલ જાહેર થઈ ગઈ. માનવી ઓક્સિજન માટે તડપતો હતો અને ઓક્સિજન ન મળતા અનેક લોકો મોતના મુખમાં ધકેલાઈ ગયા. જ્યારે વિકાસની આંધળી દોટમાં ઓક્સિજન આપતા વૃક્ષોનું નિકંદન કાઢ્યુ ન હોત તો? ગ્લોબલ વોર્મિંગ પેદા થયું હોત કે કેમ.? અને જો તે ઉદભવ્યું હોત તો તેની ક્ષમતા ઘણી ઓછી હોત અને માનવ જગતને સહન કરવાનું આવ્યુજ ન હોત ! હજુ સમય છે વધુમાં વધુ વૃક્ષોનું વાવેતર કરો અને તેની માવજત કરો નહિતર પરિણામો??!

રાજકોટ જિલ્લા પંચાયતમાં અધિકારી – પદાધિકારી, સરપંચો, સભ્યોનો કોરોનાની વેકશીન લેવામાં નિરૂત્સાહ

# ખુદ સમજ્યા નથી તો ગ્રામજનોને કઈ રીતે સમજાવશે ?

રાજકોટ જિ.પં.નાં બે સભ્યોનો કોરોનાએ ભોગ લીધો છતાં અન્ય સંક્રમિત થયેલા સભ્યોમાં પણ ઉત્સાહનો અભાવઃ જુદા જુદા કારણોસર વેકિસન નો લીધી

### ગોંડલ વેકિસનેશનમાં ૯૭.૧૬ સાથે અગ્રેસર,વિંછિયા–જસદણના એક જ દિવસમાં ૯૨.૭૫ ટકા રસીકરણ

રાજકોટ ગ્રામ્યમાં યુવાનોનું રસીકરણ શરૂ થતાં તેને ખુબ જ સારો પ્રતિસાદ મળ્યો છે અને પ્રતિદિવસ ૫૦૦૦નો લક્ષ્ય પણ રાખવામાં આવ્યો હતો, જેમાં પ્રથમ દિવસે ૪૬૪૨ લોકોએ રસી લીધી હતી. ૧૧ તાલુકાની સરખામણીમાં ગોંડલમાં સર્વાધિક ૯૭.૧૬ ટકા રસીકરણ કરવામાં આવ્યું છે. સામે પછાત અને અંધશ્રદ્ધા ધરાવતા ગામો જેમ કે વિંછિયા અને જસદણ પંથકમાં અલગ જ ચિત્ર સામે આવ્યું છે, જેમાં યુવાનોમાં ભારે ઉત્સાહ જોતા બને પંથકોમાં ૯૪ ટકા રસીકરણ થયું છે.આ તકે રાજકોટ, વિંછિયા, લોધિકામાં, પડધરીમાં સાઈટ બદલવામાં પણ આવી છે. જિલ્લાના સીડીએચઓ નિલેશ શાહે કહ્યું કે, રાત્રીના ૧૦ વાગ્યે સાઈટ ખુલી હતી, તેમ છતાં અનેક લોકોએ રસીકરણ કરાવ્યું હતું, ત્યારે શુક્રવારના રોજ સાઈટ સાંજના ૫ વાગ્યે ખુલી જતા રસી લેનારા લોકોની સંખ્યા વધી પણ શકે છે. રાજકોટ જિલ્લાના ૧૧ તાલુકામાં કુલ ૪૫ વર્ષ ઉપરના ૯૨૬ લોકોએ રસીના બંને ડોઝ લીધા હતા. જેમાં પ્રથમ ડોઝ લેનાર કુલ લોકોની સંખ્યા ૭૩૭ની છે, જયારે બીજા ડોઝ લેનાર લોકોની સંખ્યા ૧૮૯ની છે. જેમાં જેતપુર તાલુકાના ૧૩૦ લોકોએ રસીનો પ્રથમ ડોઝ લીધો હતો. અને સૌથી ઓછું પડધરીમાં નોંધાયું હતું .જેમાં ૧૫ લોકોએ રસી લીધી હતી. સામે બીજા ડોઝ માટે સર્વાધિક ગોંડલમાં ૭૩ લોકોએ રસી લીધી હતી.

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૫

રાજકોટ જિલ્લામાં કાચબા ગતિએ ચાલતા વેકિસનેશન પ્રક્રિયાને ઝડપી બનાવવા માટે કલેકટર તંત્ર અને જિલ્લા પંચાયતના આરોગ્ય વિભાગે કમર કસી છે.પરંતુ કોરોના મહામારીમાં અધિકારી – પદાધિકારીઓ, ભાજપ – કોંગ્રેસના સભ્યો, સરપંચોએ વેકિસન લેવા માટે ઉદાસીનતા દાખવી છે.હવે આ પંચાયત સભ્યો, અધિકારીઓ ગ્રામ્ય વિસ્તારના લોકોને કેવી રિત્તે જાગરૂકતા દાખવશે, કોરોના સામેની જંગમાં વેકિસન લેવા માટે સમજાવી શકશે તે મોટો સવાલ છે ? રાજકોટ જિલ્લા પંચાયતનાં કુલ ૩૬માંથી બે સભ્યોનો કોરોનાની મહામારીએ ભોગ લીધો હોવા છતાં હજુ સભ્યોમાં રસી લેવાનો ઉત્સાહ જોવા મળતો નથી. કેટલાક સભ્યોએ રસી લેવામાં વિલંબ કર્યો અને કોરોનાગ્રસ્ત બની ગયા હતા. રાજકોટ જિલ્લા પંચાયતનાં અનેક સભ્યો સાથે વાત કરી તો એવી હકીકત સામે આવી હતી કે ગ્રામ્ય લોકોનું પ્રતિનિધિત્વ કરનાર સભ્યોમાં જ કોરોના વિરોધી રસી લેવામાં ઉત્સાહ જોવા મળતો નથી. જુદા જુદા કારણોસર અનેક સભ્યોએ હજુ રસી લીધી નથી. કોરોનાએ શિવરાજપુર બેઠક અને સાણથલી બેઠક પરથી ચૂંટાયેલા સભ્યોનો ભોગ લેતા હાલ ૩૪ સભ્યો છે તેમાંથી અડધા સભ્યોએ એક ડોઝ લીધો છે તો સાતથી આઠ સભ્યોએ હજુ એક પણ ડોઝ લીધો નથી સરધાર અને દડવી બેઠક પરથી ચૂંટાયેલા સભ્યએ હજુ કોરોના વિરોધી રસી મુકાવી નથી. કેટલાક સભ્યોની ઉંમર ૪૫ થી ઓછી હોય હજુ રસી લીધી ન હોવાના કારણો બતાવ્યા હતા.

રાજકોટ જિલ્લા પંચાયતનાં પ્રમુખે અને ઉપપ્રમુખે વેકિસનનાં બંને ડોઝ લઈ લીધા છે. બાંધકામ સમિતિ અને સામાજિક ન્યાય સમિતિનાં ચેરમેને પણ બંને ડોઝ લીધા છે પરંતુ મહિલા અને બાલ કલ્યાણ સમિતિનાં ચેરમેને વય મર્યાદાને કારણે હજુ વેકિસન લીધી નથી. આરોગ્ય સમિતિનાં ચેરમેને હજુ ઉંમરની મર્યાદાને લીધે વેકિસનની એક પણ ડોઝ લીધો નથી. જિલ્લા પંચાયતનાં શાસક પક્ષનાં નેતા, વિપક્ષી નેતા અને કારોબારી ચેરમેન સહિત અનેક સભ્યોને કોરોના પોઝીટીવ બન્યા હતા. રસી લેવામાં વિલંબ કરનારા અનેક સભ્યોને કોરોના સામે લડત આપવી પડી હતી. કેટલાક સભ્યોએ એવુ કહ્યું હતું કે રસી લેવામાં વારંવાર દિવસોની વધઘટ કરવામાં આવે છે એટલે લીધી નથી. તો કેટલાકે રસી ખૂટી ગઈ હતી એવા બહાના પણ આપ્યા હતા.

ભાજપ નેતા બ્રિજમોહન અગ્રવાલનું શરમજનક નિવેદનઃ કોંગ્રેસ

# જેમને મોંઘવારી નડતી હોય તેમણે ખાવા-પીવાનું અને પેટ્રોલ ભરાવાનું છોડી દેવું જોઇએ



**(એજન્સી સમાચાર)**
રાયપુર,તા.૫

ભાજપ નેતા અને છત્તીસગઢ સરકારમાં ત્રણ વખત પ્રધાન રહી ચુકેલા બ્રિજમોહન અગ્રવાલે વધતી મોંઘવારીને લઈને શરમજનક નિવેદન આપ્યું. તેમણે જણાવ્યું કે, જેમને મોંઘવારી નડતી હોય તેમણે ખાવા પીવાનું અને પેટ્રોલ ભરવાનું પણ છોડી દેવું જોઈએ.

એક તરફ દેશમાં કોરોનાની મહામારીએ હાહાકાર મચ્યો છે. ત્યારે પેટ્રોલ અને ડીઝલના ભાવમાં રોજ વધારો થઈ રહ્યો છે. બ્રિજમોહન અગ્રવાલના નિવેદન બાદ કોંગ્રેસ નેતા સુશીલ આનંદ શુક્લાએ જણાવ્યું હતું કે, બ્રિજમોહન અગ્રવાલનું આ નિવેદન

**જેમને મોંઘવારી નડતી હોય તેમણે ખાવા પીવાનું અને પેટ્રોલ ભરવાનું પણ છોડી દેવું જોઈએઃ બ્રિજમોહન**

શરમજનક છે.

કેન્દ્ર સરકારની નફાખોરીવાળી નીતિના કારણે લોકોના ઘરના ચૂલા ઓલવાવાની સ્થિતિ પેદા થઈ છે. મોંઘવારીમાં સતત વધારાના કારણે દેશનો મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ હેરાન છે. બ્રિજમોહન જેવા લોકો આ પ્રકારના નિવેદન આપી લોકોના દાઝ્યા પર ડામ આપી રહ્યા છે.

# દેશની ટોચની યુનિવર્સિટીઓને પછાડીને જૂનાગઢ કૃષિ યુનિ.એ મેદાન માર્યુ

### જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ઈન્ચાર્જ ડો. વી.પી. ચોવટીયાએ સિધ્ધીનો શ્રેય યુનિ.ના સ્ટાફને આપ્યો



**(એજન્સી સમાચાર)**
જૂનાગઢ,તા.૫

વિશ્વ બેંકના પ્રોજેક્ટમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીને દેશમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત થયું છે. દેશની ૭૫ યુનિ માં ૮૮ માર્કસ સાથે જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ સતત બીજા વર્ષે પ્રથમ સ્થાન જાળવી રાખ્યું છે. દેશની નામાંકિત કૃષિ યુનિવર્સિટીઓ તથા દિલ્હી સ્થિત આઇસીએઆરની ઇન્સ્ટિટયુટ્સને પાછળ છોડી જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીએ સતત બીજા વર્ષે પ્રથમ સ્થાન મેળવ્યું છે. વર્લ્ડ બેંક દ્વારા નેશનલ હાયર એગ્રિકલ્ચર એજ્યુકેશન પ્રોજેકટ અંતર્ગત ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ મારફત અપાયેલા ઈન્સ્ટિટયૂટ ડેવલપમેન્ટ પ્લાન પ્રોજેક્ટના અમલીકરણમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીને ૮૮ માર્કસ સાથે દેશમાં પ્રથમ સ્થાન મળ્યું છે. દેશની ૭૫ યુનિવર્સિટીઓમાંથી પ્રથમ અને બીજા ચરણમાં કુલ ૧૩ યુનિવર્સિટીઓને આ પ્રોજેક્ટ મળ્યો હતો. જેમાં જુનાગઢ યુનિવર્સિટીએ આ સફળતા મેળવી છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીના ઈન્ચાર્જ કુલપતિ ડો. વી.પી. ચોવટીયાએ આ સિધ્ધીનો શ્રેય યુનિ.ના તમામ સ્ટાફને આપ્યો હતો. ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશભરમાં આ પ્રોજેક્ટ કરાયો હતો. જેમાં અનેક યુનિવર્સિટીએ ભાગ લીધો હતો. જેમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી સારૂ રેકિંગ મેળવવામાં સફળ રહી છે. જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી દેશભરમાં ફેમસ છે. દેશભરમાંથી અહી શિક્ષણ લેવા માટે દર વર્ષે વિદ્યાર્થીઓ આવે છે.

સરકારે ત્રીજા વર્ષના જુનિયર ડૉક્ટર્સના એનરોલમેન્ટ રદ કરી દીધા

# મધ્ય પ્રદેશમાં આશરે 3,000 જુનિયર ડૉક્ટર્સે આપ્યું સામૂહિક રાજીનામું

**સરકારી મેડિકલ કોલેજના જુનિયર ડૉક્ટર્સને ગુરૂવારે ૨૪ કલાકમાં કામ પર પાછા ફરવાનો આદેશ**



**(એજન્સી સમાચાર)**
ભોપાલ,તા.૫

મધ્ય પ્રદેશ હાઈકોર્ટે પોતાની વિવિધ માંગણીઓને લઈ ૩ દિવસ પહેલા હડતાળ પર ઉતરેલા ૬ સરકારી મેડિકલ કોલેજના જુનિયર ડૉક્ટર્સને ગુરૂવારે ૨૪ કલાકમાં કામ પર પાછા ફરવાનો આદેશ આપ્યો હતો. કોર્ટના આદેશના ગણતરીના કલાકોમાં જ આશરે ૩,૦૦૦ જુનિયર ડૉક્ટર્સે સામૂહિક રાજીનામું આપી દીધું હતું.

મધ્ય પ્રદેશ જુનિયર ડૉક્ટર્સ અસોસિએશન (જૂડા)ના અધ્યક્ષ અરવિંદ મીણાના કહેવા પ્રમાણે પ્રદેશની ૬ મેડિકલ કોલેજના આશરે ૩,૦૦૦ જુનિયર ડૉક્ટર્સે ગુરૂવારે પોતપોતાની મેડિકલ કોલેજીસના ડીનને સામૂહિક રાજીનામું આપી દીધું હતું. તેમણે જણાવ્યું કે, રાજ્ય સરકારે ત્રીજા વર્ષના જુનિયર ડૉક્ટર્સના એનરોલમેન્ટ રદ્દ કરી દીધા છે માટે હવે તેઓ પરીક્ષામાં કેવી રીતે બેસશે.

પીજી કરી રહેલા જુનિયર ડૉક્ટર્સને ૩ વર્ષમાં ડિગ્રી મળે છે જ્યારે ૨ વર્ષમાં ડિપ્લોમા મળે છે. મીણાએ જણાવ્યું કે, મધ્ય પ્રદેશ હાઈકોર્ટના નિર્ણયને પડકારવા તેઓ ટૂંક સમયમાં જ સુપ્રીમ કોર્ટના બારણે ટકોરા મારશે. તેમણે મેડિકલ ઓફિસર્સ અસોસિએશન અને ફેડરેશન ઓફ રેસિડેન્ટ ડૉક્ટર્સ અસોસિએશન તેમના સાથે હોવાની માહિતી આપી હતી.

જૂનાગઢનાં પૂર્વ મેયરનાં પુત્રની હત્યા કરનાર

# હત્યારાઓને કડકમાં કડક સજા કરવા માંગ

### રાષ્ટ્રીય દલિત અધિકાર મંચ દ્વારા રાજકોટ કલેકટર મારફત રાજ્યપાલને આવેદનપત્ર પાઠવ્યું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૫

રાષ્ટ્રીય દલિત અધિકારી મંચ દ્વારા રાજકોટ જીલ્લા કલેકટર મારફત રાજ્યપાલને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આવેદનપત્રમાં જણાવ્યું છે કે, જૂનાગઢનાં પૂર્વ મેયર લાખાભાઈ પરમારનાં પુત્ર ધર્મેન્દ્રભાઈની હત્યા કરનારા સામે એટ્રોસીટી એક્ટ તથા માનવ વધનો ગુન્હો દાખલ કરી યોગ્ય કાર્યવાહી કરવી. અન્યથા સમગ્ર દેશમાં જલદ આંદોલન કરવામાં આવશે. જેની સંપૂર્ણ જવાબદારી પ્રશાસનની રહેશે. તેમ જીલ્લા પ્રમુખએ જણાવ્યું છે.

# ૨૭ જૂને માહિતી ખાતાની પ્રિલિમરી પરીક્ષા યોજાશે

### સરકારી નોકરીની તૈયારીઓ કરતાં વિદ્યાર્થીઓ માટે ખુશખબરેઃ માહિતી ખાતાની વર્ગ–૧,૨ અને ૩ની પરીક્ષા આગામી ૨૭મી જૂને પરીક્ષા યોજાશે

**(એજન્સી સમાચાર)**
ગાંધીનગર,તા.૫

સરકારી નોકરીની તૈયારીઓ કરતાં વિદ્યાર્થીઓ માટે ખુશખબર મળી રહ્યા છે. માહિતી ખાતાની વર્ગ-૧,૨ અને ૩ની પરીક્ષાની નવી તારીખ જાહેર કરવામાં આવી છે. જેના કારણે હવે આગામી ૨૭મી જૂને પરીક્ષા યોજાશે. કોરોનાની બીજી લહેરના કારણે માહિતી ખાતાની વર્ગ-૧,૨ અને ૩ની પરીક્ષા મોકૂફ રાખવામાં આવી હતી. જેની નવી તારીખ જાહેર કરવામાં આવી છે. હવે પરીક્ષા આગામી ૨૭ જૂનના રોજ યોજાશે. માહિતી નિયામક કચેરી હસ્તકની નાયબ માહિતી નિયામક, વર્ગ-૧, સહાયક માહિતી નિયામક(સંપાદન) વર્ગ-૨ની જાહેરાત અને સિનિયર સબ ઓડિટર(વર્ગ-૩) તથા માહિતી મદદનીશ, વર્ગ-૩ની પ્રિલિમિનરી પરીક્ષા યોજાવાની છે, ત્યારે કોલલેટર ડાઉનલોડની સૂચના હવે મુકાશે.

માહિતી નિયામક કચેરી હસ્તકની નાયબ માહિતી નિયામક, વર્ગ-૧, સહાયક માહિતી નિયામક(સંપાદન) વર્ગ-૨ની જાહેરાત ક્રમાંક:૨/૨૦૨૦-૨૧ અને સિનિયર સબ ઓડિટર(વર્ગ-૩) તથા માહિતી મદદનીશ, વર્ગ-૩ની જાહેરાત ક્રમાંક: ૧/૨૦૨૦-૨૧ અન્વયે નાયબ માહિતી નિયામક, વર્ગ-૧ અને સહાયક માહિતી નિયામક (સંપાદન), વર્ગ-૨ની પ્રિલિમિનરી પરીક્ષા તા.૨૭, જૂન, ૨૦૨૧ના રોજ સવારે ૧૦.૦૦ કલાકે યોજાશે.

સિનિયર સબ ઓડિટર, વર્ગ-૩ તથા માહિતી મદદનીશ, વર્ગ-૩ ની પ્રિલિમિનરી પરીક્ષા તા.૨૭, જૂન, ૨૦૨૧ના રોજ બપોરે ૦૩.૦૦ કલાકે યોજાશે, જેની નોંધ લેવા સંબંધિત તમામ ઉમેદવારોને જણાવવામાં આવે છે.

આ અંગેની વધુ વિગતો માટે માહિતી નિયામક કચેરીની વેબસાઇટ જોવા સૂચન છે. પરીક્ષાના સ્થળ તથા કોલલેટર ડાઉનલોડ કરવા અંગેની સૂચનાઓ હવે પછી પ્રસિદ્ધ કરવામાં આવશે.

# મહારાષ્ટ્રના થાણેમાં કેમીકલ ફેકટરીમાં ગેસ લીક થતા સંખ્યા બંધ લોકોને અસર

### ગભરાટ ફેંલાયો, કોઇ જાનહાની નથી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
મુંબઇ, તા.૫

મહારાષ્ટ્રના થાણે જિલ્લામાં આવેલા બદલાપુર વિસ્તારની એક કેમીકલ ફેકટરીમાં ગેસ લીક થતા દોડધામ મચી ગઇ હતી અને આસપાસની વસ્તીમાં ભારે ગભરાટ ફેંલાઇ ગયો હતો. સંખ્યાબંધ લોકોને શ્વાસ લેવામાં તકલીફ શરૂ થઇ હતી અને આંખો બળવા લાગી હતી. આ ઘટનાને પગલે થાણે મહાનગર પાલિકા દ્વારા તાત્કાલીક કામગીરી શરૂ કરવામાં આવી હતી અને એક કલાકમાં પરિસ્થિતિ કાબુ હેઠળ લેવામાં આવી હતી.

ફાયર બ્રિગેડની ટુકડીઓ ધસી ગઇ હતી અને ગેસ લીકિજ બંધ કરવામાં સફળ રહી હતી. સદ્નસીબે કોઇ જાન હાની થઇ નથી. આંખમાં બળતરા અને ગભરામણની ફરીયાદ કરનાર કેટલાક લોકોને તાત્કાલીક દવાખાને ખસેડવામાં આવ્યા હતા. કેટલાક કામદારોને અસર થઇ હતી ગેસ લીક થતા જ લોકોમાં ભારે દોડધામ મચી ગઇ હતી.

કોરોના સંક્રમણ ઘટતા સરકારે લીધો મોટો નિર્ણય

# સોમવારથી ખાનગી અને સરકારી ઓફિસો ૧૦૦ ટકા સ્ટાફ સાથે કામ કરશે



**(એજન્સી સમાચાર)**
ગાંધીનગર,તા.૫

ગુજરાતમાં કોરોનાની બીજી લહેર નબળી પડી છે અને કેસોમાં તીવ્રતાથી ઘટાડો થઇ રહ્યો છે. ત્યારે ગુજરાત સરકારનાં કામકાજમાં પણ વેગ આવે અને અટકી પડેલી ફાઈલોનો ફાસ્ટ્રેક મોડમાં નિકાલ કરવાના આદેશો કરવામાં આવ્યા છે. રાજ્યના મુખ્ય સચિવે ગાંધીનગર સચિવાલયના તમામ વિભાગોના ઉચ્ચ અધિકારીઓને તાજેતરમાં જ આદેશ કર્યો હતો કે કોરોનાના કેસ ઓછા થઈ ગયા છે, જનજીવન રાબેતા મુજબ થઈ રહ્યું છે, સરકાર પણ વિકાસ અને પ્રજાલક્ષી કામોના નિર્ણયોમાં આગળ વધી રહી છે, ત્યારે તમામ વિભાગોના અધિકારીઓ ઓફિસમાં બેસીને પેન્ડિંગ કામોનો નિકાલ કરે.

રાજ્ય સરકારની બધી કચેરીઓ આવતીકાલ શનિવાર ૫ જૂન ના રોજ કાર્યરત એટલે કે ખુલ્લી રહેશે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આ નિર્ણયની જાહેરાત કરતાં વધુમાં એવો નિર્ણય પણ કર્યો છે કે ૭ મી જૂનથી રાજ્ય સરકારની તમામ કચેરીઓ તેમજ ખાનગી ક્ષેત્રની ઓફિસો ૧૦૦ ટકા સ્ટાફની હાજરી સાથે રાબેતા મુજબ કામકાજ કરી શકશે.

મુખ્ય સચિવે એવો પણ આદેશ કર્યો છે કે રાજ્ય સરકાર દ્વારા લેવાયેલા નીતિવિષયક નિર્ણયો હેઠળ જો કોઇ સમસ્યા હોય અથવા તો પ્રશ્ન હોય તો એનો નિકાલ કરીને આગળ વધો. રાજ્યના તમામ અધિકારીઓએ પેન્ડિંગ ફાઇલોનો નિકાલ કરવાનો સમય આવી ગયો છે. રાજ્યના મુખ્ય સચિવ અનિલ મુકિમ વય નિવૃત્ત થયા બાદ તેમને પ્રથમ છ મહિના અને બીજા છ મહિના સુધીનું એક્સટેન્શન આપેલું છે. મુકિમ ઓગસ્ટ ૨૦૨૧માં નિવૃત્ત થવાના છે. એ પહેલાં તેમણે વિભાગોના ઉચ્ચ અધિકારીઓને આદેશ આપીને કહ્યું હતું કે વિભાગની પડતર ફાઇલોનો ઝડપથી નિકાલ કરવો જોઇએ, જેથી અરજદારોને ઝડપી ન્યાય મળી શકે.

**વિભાગની પડતર ફાઈલોનો ઝડપથી નિકાલ કરવો જોઇએ, જેથી અરજદારોને ઝડપી ન્યાય મળી શકેઃ મુખ્ય સચિવ**

સાબરમતી પર ૩૫ કિમી લાંબો રિવરફ્રન્ટ

મુખ્યમંત્રીએ સ્પષ્ટપણે જણાવ્યું હતું કે સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટ દેશ અને દુનિયાના લોકો માટે જોવાલાયક સ્થળ બન્યો છે, ત્યારે હવે એનો બીજો તબક્કો પણ એટલો જ ઉત્કૃષ્ટ, પર્યાવરણપ્રિય બનશે. તેમણે ઉમેર્યું હતું કે આ પ્રોજેકટની વિશેષતા એ છે કે સમગ્ર અમદાવાદ શહેરની મધ્યમાંથી ૩૫ કિ.મી. લાંબો આ રિવરફ્રન્ટ નગરની શોભા બન્યો છે. વિજય રૂપાણીએ સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેકટના આ ફેઝ-૨ના પ્રથમ તબક્કા માટે ૧ લાખ ૩૦ હજાર ચોરસમીટર જમીન અમદાવાદમાં આર્મી-ડિફેન્સ કેન્ટોન્મેન્ટ બોર્ડે આપી છે, એ માટે ભારત સરકાર, રક્ષામંત્રાલય, સેનાના વરિષ્ઠ અધિકારીઓ અને અમદાવાદના આર્મી કેન્ટોન્મેન્ટ બોર્ડનો આભાર વ્યકત કર્યો હતો.

વિકાસનાં કામો માટે ૧૫૭૭૪ કરોડ રૂપિયાની ફાળવણી

મુખ્યમંત્રી રૂપાણીએ સમગ્ર ગુજરાતનાં શહેરો-નગરોને પ્રાણવાન તેમજ આધુનિક સુવિધા સાથે માળખાકીય પાયાની સવલતોથી સજ્જ કરવા સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી છેલ્લાં ચાર વર્ષમાં એટલે કે ૨૦૧૬-૧૭થી ડિસેમ્બર-૨૦૨૦ સુધીમાં રૂ. ૧૫ હજાર ૭૮૩.૭૩ કરોડ રૂપિયા ફાળવ્યા છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા.૦૫-૦૬-૨૦૨૧, શનિવાર, વૈશાખ વદ-૧૦, સૂર્યોદય-૫-૨૩, સૂર્યાસ્ત-૭-૧૫, જૈન નવકારશી-૮-૧૦, આજની રાશિ : મીન (દ.ચ.ઝ.), નક્ષત્રઃ ઉત્તરભાદ્રપદ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# જંગવડ ગામ પાસે રૂ.૧૬.૨૩ લાખનો દારૂ ભરેલો ટ્રક પકડાયો





**રૂરલ એલ.સીબીની ટીમે ચોકકસ બાતમીના આધારે વોચ ગોઠવી દારૂના જથ્થા સામે માધવપુરના શખ્સોની ધરપકડ કરી કુલ રૂ.૨૬.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૫

રાજકોટ ગ્રામ્ય વિસ્તારમાં દારૂનો વેપલો કરતા બુટલેગરો સક્રિય બન્યા હોવાથી દારૂની બદિને નાબુદ કરવા ગઈકાલે પેટ્રોલિંગ દરમ્યાન આટકોટના જંગવડ ગામ પાસેથી રૂ.૧૬.૨૩ લાખની કિંમતનો દારૂ ભરેલો ટ્રક સાથે માધવપુરના શખ્સને દબોચી લઇ કુલ રૂ.૨૬.૩૦ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે આ અંગેની વિગત મુજબ રાજકોટ જીલ્લા માં દારૂની બંધીને નાબુદ કરવા રૂરલ.એલ.સી.બી ના પીઆઈ એ.આર ગોહિલની સુચનાથી પી.એસ.આઈ બી.એમ. કોળાદરા સહિતનો સ્ટાફ ગઈ રાત્રીના વિસ્તાર માં પેટ્રોલિંગમાં હતા ત્યારે આટકોટના જંગવડ ગામે રોડપરથી પસાર થતા જીજે-૧૧-ડબ્લયુ-૪૪૧૨ ટ્રક સંકાસ્પદ હાલતમાં નીકળતા પોલીસે ટ્રક ને અટકાવી તલાસી લેતા તેમાંથી વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની ૫૪૧૨ બોટલ કીતમ રૂ.૧૬૨૩૬૦૦ નો દારૂનો જથો મળી આવતા ટ્રકના ચાલક મહમદખાન ઈબ્રાહીમ ખાન બેલીમ (રહે.માધવપુર ગામ તા.પોરબંદર) નામના શખ્સને દબોચી લઇ ટ્રક સહીત કુલ રૂ.૨૬૩૦૪૩૦ નો મુદ્દામાલ કબ્જે કરી ઝડપાયેલા ટ્રક ડ્રાઈવરની આકરી પૂછપરછ કરતા વિદેશી દારૂનો જથ્થો મોકલાવનાર જુનાગઢના તીળાવાડીના ફૂલનાથ નગરમાં રહેતા રાજાનકુમાર સવદાસ કરગતીયા નામના બુટલેગર નું નામ ખુલતા રૂરલ એલ.સી.બી ની ટીમે રાજાન કુમાર ને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે.

# બ્રહ્મસમાજ દ્વારા શિક્ષણ સમિતિના ચેરમેન અતુલ પંડિતનું સન્માન કરાયું



નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન અતુલભાઈ પંડિતનું શહેરના બ્રહ્મ સ્વગ્રણી જયંતભાઈ ઠાકર, હરેશભાઈ જોશી દષભાઈ પંડ્યા, હિતેશભાઈ જોષી (પેઈન્ટર) સંદીપભાઈ જોષી નીલેશભાઈ જોષી સહિતના ઉપરીત્રત રહી બુક સ્વને બુકેથી સન્માન કર્યું હતું.

# શાપર-વેરાવળ પાસે ટ્રકમાં દારૂની ૪૦ બોટલો સાથે મોટી પાનેલીના બે શખ્સોની ધરપકડ



**રેતી ભરેલા ટ્રકમાં દારૂની બોટલો છુપાવીને લાવતા રૂરલ એસ. ઓજીની ટીમે દબોચી લઇ રૂ.૧૦.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૫

રાજકોટ-ગોંડલ હાઈવે પર શાપર પાસે ટ્રકમાં રેતી ભરી તેમાં દારૂની બોટલો છુપાવીને લાવતા બે શખ્સોને રૂરલ એસ.ઓજીની ટીમે દબોચી લઇ ૪૦ બોટલ સહીત કુલ રૂ.૧૦.૫૫ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો છે આ અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ શાપર વેરાવળ પાસે લઇ કાલે રૂરલ એસ.ઓજીની ટીમના પીઆઈ એ.આર ગોહીલથી પી.એસ.આઈ એચ.એચ રાણા સહિતના સ્ટાફે ચોકકસ બાતમીના આધારે ટ્રક નંબર જીજે-૩ બી.બી ૫૪૦૯ ને અટકાવી તપાસી લેતા ટ્રકમાં રેતી ભરેલી હતી રેતીમાં છુપાવેલી દારૂની ૪૦ બોટલો પોલીસે કબ્જે કરી ટ્રક ચાલક મોટીપાનેલીના સમીર મામદ સમી તથા સાજીદ મામદ પણ નામના બને શખ્સોની ધરપકડ કરી ટ્રક સહિતના કુલ રૂ.૧૦૫૫૨૦૦ નો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

# શહેર પોલીસ Innovation Hub સાથે ટેકનોલોજીના માધ્યમથી લોક હિતાર્થનાં કાર્ય કરવા અગ્રેસર



**રાજકોટ શહેર પોલીસ ટેકનોલોજી ક્ષેત્રમાં વધુ આગળ આવીઃ ડી.જી.પી આશિષ ભાટિયા**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

રાજકોટ શહેર પોલીસ તથા Innovation Hub વચ્ચે થયેલ Memorandum of Understanding સમયે ગાંધીનગર પોલીસ ભવન ખાતે ગુજરાત રાજ્યના ડી.જી.પી. આશીષ ભાટીયા, Chairperson Innovation Hub તથા Principal Secretary અંજુ શર્મા, રાજકોટ શહેર પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલ તથા અન્ય ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થીત રહેલ હતા. જે પ્રસંગે ગુજરાત રાજ્યના માન. ડી.જી.પી.એ જણાવેલ કે હાલમાં તમામ ક્ષેત્રે ટેકનોલોજી ખુબજ જરૂરી છે. જે દરમ્યાન પોલીસ ડીપાર્ટમેન્ટએ પણ વધુમાં વધુ ટેકનોલોજીનો ઉપયોગ કરવો જોઇએ અને આજ રોજ Innova tion Hub સાથે રાજકોટ શહેર પોલીસ દ્વારા કરવામાં આવેલ Memorandum of Understanding થી પોલીસ ડીપાર્ટમેન્ટને જરૂરીયાત મુજબ યોગ્ય સ્વદેશી ટેકનોલોજી મળી રહેશે જેનાથી આમ નાગરીકોને પણ ખુબજ ફાયદો થશે તેમજ ભારત દેશના પ્રતિભાશાળી યુવાનોને એક પ્લેટફોર્મ મળી રહેશે અને તેઓની આગવી સુઝબુજથી ડેવલોપ કરવામાં આવેલ ટેકનોલોજીનો ભારત દેશને ખુબજ ઉપયોગી નીવળશે તેમજ વડાપ્રધાનનાં આત્મનિર્ભર ભારતના સપનાને સાકાર કરી શકાશે તેમજ રાજકોટ શહેર પોલીસ દ્વારા હાલ પોલીસ કમિશ્નર મનોજ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ઘણી ટેકનોલોજી વિકસાવી એપ્લીકેશનના માધ્યમથી કામગીરી કરવામાં આવી રહેલ છે. જેમા Innovation Hub સાથે કરવામાં આવેલ Memorandum of Understanding થી રાજકોટ શહેર પોલીસ વધુ ટેકનોલોજી ક્ષેત્રમાં આગળ આવી પોલીસ ડીપાર્ટમેન્ટને લોકોની સેવા માટે જરૂરી એવી આધુનીક સ્વદેશી ટેકનોલોજી મળી વધુ સારા લોકહિતના કાર્યો પણ કરી શકશે. તેજ રીતે Chairperson Innovation Hub તથા Principal Secretary અંજુ શર્મા દ્વારા પણ રાજકોટ શહેર પોલીસને તેઓની જરૂરીયાત મુજબની ટેકનોલોજી પ્રતિભાશાળી યુવાનો પાસે વિકસાવી પુરી પાડવામાં આવશે જેથી પોલીસ દ્વારા વધુ સારી રીતે લોકહીતના કાર્યો કરી શકાય.

# રાજકોટમાં ઉચ્ચ અભ્યાસ કરનાર પરિણીતાને સાસરીયાનો ત્રાસ

**શારીરિક-માનસિક દુઃખ આપતા પરિણીતાની પ્રેગ્નેન્સી મિસ થઇ ગઈઃ દહેજ માંગનાર પતિ, સાસુ-સસરા, નણંદ સામે ફરિયાદ**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

રાજકોટમાં બી.એડ સુધીનો ઉચ્ચ અભ્યાસ કરનાર પરિણીતાને લગ્ન બાદ ભૂજના પતિ સહિત સાસરીયાએ શારીરિક-માનસિક ત્રાસ આપી દહેજની માંગણી કર્યા અંગેની ફરિયાદ મહિલા પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. બનાવ અંગે ૧૫૦ ફૂટ રીંગ રોડ પર ઉમિયા ચોકમાં કાવ્ય પેલેસમાં રહેતા શ્વેતાબેન હેપીભાઈ ખીરસરીયા (ઉ.વ.૨૬) એ મહિલા પોલીસ સ્ટેશનમાં પતિ હેપીભાઈ રસિકભાઈ ખીરસરીયા, સસરા રસિક હીરજી ખીરસરીયા, સાસુ આશાબેન, નણંદ અમીબેન (રહે. ભૂજ, માધાપર નવાવાસ) સામે ફરિયાદ નોંધાવી છે.

પટેલ પરિણીતાનાં લગ્ન બાદ છ એક મહિનાથી પતિ હેપીભાઈ સહિત સાસુ-સસરા નાની-નાની બાબતોમાં ઝઘડો કરી માથાકૂટ કરતા હોવાની તેની પ્રેગ્નેન્સી મિસ કેરજ થઇ જતા માવતરે સસરા, પતિએ દહેજની માંગણી કરી માનસિક ત્રાસ આપવાનું શરુ રાખતા ફરિયાદ નોંધાવી હતી. પોલીસ હેડ કોન્સ્ટેબલ એસ.જી.મોસાઈએ વધુ તપાસ હાથ ધરી છે.

# કતલખાને લઈ જતા નવ પશુના પોલીસે જીવ બચાવ્યા

**વિંછીયા પોલીસે નવાગઢના બે શખ્સોની ધરપકડ કરી ટ્રક સહિત રૂ. ૧૦.૧૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો**

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

વિંછીયાનાં આંબલી ચોકડી પાસે ટ્રકમાં નવ મુંગા પશુને ઘાતકી રીતે બાંધી ટ્રકમાં ઘાસ ચારો આપ્યા વગર કતલખાને લઇ જતા અટકાવી વિંછીયા પોલીસે નવાગઢનાં બે શખ્સોની ધરપકડ કરી છે. આ અંગેની વિગત મુજબ વિંછીયા પોલીસ મંથકનાં એ.એસ.આઈ જેઠાભાઈ સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા ત્યારે આંબલી ચોકડી પાસેથી ટ્રક નંબર જીજે-૧૪ જેડ-૬૧૦૨ માં છ પાડા અને ૩ પાડી મુંગા પશુને ઠસોઠસ બાંધી ઘાસ ચારો કે પાણી નહીં આપી કતલખાને લઇ જતા હોય પોલીસે ટ્રકને અટકાવી ટ્રકનાં ચાલક વસીમ હુશેન ભાહલા (રહે. નવાગઢ જુમ્મા મસ્જીદ પાસે જેતપુર) તથા રમજાનઅલી ઉર્ફે કારો આદમ લાખાણી નામના બંને શખ્સોની ધરપકડ કરી નવ મુંગા પશુના પોલીસે જીવ બચાવી રૂ. ૧૦.૧૮ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે.

# રાજીન્દરસિંહ મહારાજે કવિ સંતની ૩૨મી બરશી ભંડારાની પ્રાર્થના કરી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૫

રુહાની મિશન ના વડા સંત રાજીન્દર સિંહજી મહારાજે યુનાઈટેડ સ્ટેટસ ના શિકાગો થી યુ ટયુબના માધ્યમથી મહાન કવિ -સંતની ૩૨મી બરશી ભંડારાની પ્રાથેના કરી.આ વિશેષ કાયેક્રમ ની શરૂઆત માતા રિટાજી એ કવિ-સંત દાદુ દયાલ સાહેબજીના અજનના નીકશે પ્રન કઠોર પ્રેરણાદાયી ગુરૂબાનીની સ્તુતી દ્વારા કરી.સંત રાજીન્દર સિંહજી મહારાજે કહ્યુ કે સંત દશેન સિંહજી મહારાજ દૈવી પ્રેમના મહાસાગર હતા અને તેમના આધ્યાત્મિક ઉપદેશો લાખો જીવનને સ્પર્શી ગયા.સંત દશેન સિંહજી મહારાજે આધ્યાત્મિકતાનો સંદેશો દૂર -દૂર સુધી ફેલાવ્યો. તેઓ ભગવાન ના દૈવી પ્રેમથી ભરપુર હતા.

તેઓ ઈચ્છતા હતા કે આપણે જીવનનો સાચો હેતુ ઓળખી શકીએ અને આપણા લક્ષ્ય સુધી પહોંચીએ. આ માનવ જન્મ એ આત્માના સ્તરે પોતાને જાણવાની અને ભગવાનને શોધવાની સુવણે તક છે.અને સંત દશેન સિંહજી મહારાજ જેવા સંતો આ પૃથ્વી પર આવે છે અને આપણા સાચા હેતુની યાદ અપાવે છે. તેમના સમયકાળમાં તેમને ઉપદેશો અને આધ્યાત્મિક માગેદશેન દ્વારા લાખો લોકોનુ પરિવતેન કર્યું.

# અવસાન નોંધ

**રાજકોટ:** મૂળ નિવાસી ખામટા, હાલ રાજકોટ શારદાબેન બચુભાઈ લખતરીયા (ઉ.વ.૭૫) તે જયસુખભાઈ, કમલેશભાઈ, ચંદ્રિકાબેન તથા પ્રવિણાબેન ભટ્ટીના બા અને નરેશકુમાર વાઘેલા, વિજયભાઈ ભટ્ટીના સાસુનું તા.૫ ને શનિવારે અવસાન થયું છે. તા.૭ ને સોમવારે ૪ થી ૬ ટેલીફોનીક બેસણું રાખેલ છે. જયસુખભાઈ-૮૭૮૦૫૨૬૨૯૩, કમલેશભાઈ-૯૮૨૫૭૧૯૯૩૫, વિજયભાઈ-૯૯૦૪૩૨૪૦૫૩, વિમલભાઈ-૭૩૫૯૮૯૯૮૯૯

**રાજકોટ:** ઝાલાવડ સતર તાલુકા ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મર સ્વ.રાજીવકુમાર ત્રિવેદી (ઉ.વ.૫૮) તે સ્વ.નવિનચંદ્ર ગૌરીશંકર ત્રિવેદી તથા ભગવતીબેનના પુત્ર, પારૂલ (રાજેશ્વરી) ના પતી, અદિતી પુન્યજના પિતા તથા સંજયકુમાર ત્રિવેદીના લઘુબંધુ તથા જયંતીભાઈ એચ.ભટ્ટના જમાઈ અને દિલીપભાઈ, હિતેષભાઈ અને દિપકભાઈના બનેવીનું તા.૫ ને શનિવારના રોજ અવસાન થયેલ છે. તેનું બન્ને પક્ષનું ટેલીફોનીક બેસણું તા.૭ ને સોમવારના રોજ સાંજે ૪ થી ૬ દરમ્યાન રાખેલ છે. તમામ લૌકિક ક્રિયા બંધ રાખેલ છે. રાજેશ્વરી (પારૂલ) ૮૭૫૮૭ ૪૩૨૯૯, પુન્યજ ત્રિવેદી-૮૨૦૦૬૨૦૪૯૫, દિપક ભટ્ટ-૯૪૨૭૫૦૫૩૭૪, બદ્રીશ ત્રિવેદી-૯૪૨૭૭૨૨૧૭૨

## (અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

### વિશ્વમાં વન અને વૃક્ષ નિકનદન પર પ્રતિબંધ મુકનાર પહેલો દેશ નોર્વે

નાખવામાં આવ્યો છે. એવા દેશોની નામાંવલીમાં ફીલીપાઇન્સ, ઇન્ડોનેસીયા, ઉત્તર કોરીયા, નેપાળ, ધાના, બેનીન જેવા દેશોનો સમાવેશ થયા છે. હૈટી અને ઇકવાડોર જેવા દેશોએ પણ મન મુકીને વૃક્ષોનો ધાણ કાઢી નાખ્યો છે અને અડધા દાયકામાં એમના દેશના ૨૨ ટકાથી માંડીને ૪૫ ટકા જેટલા વન વિસ્તારને વૃક્ષ વિહોણો અને લીલોતરી વગરનો કરી નાખ્યો છે. વિશ્વમાં ચાર દેશો તો એવા છે જયાં વનનું કોઇ અસ્તીત્વ જ નથી જંગલો નામ માત્રના પણ નથી. એવા આ ચાર દેશો કતાર, ઓમાન, ગ્રીનલેન્ડ અને સાનમારીનો છે. જયાં જંગલ નામની કોઇ ચીજ અસ્તીત્વ ધરાવતી નથી. વિશ્વમાં વન વિસ્તારની દ્રષ્ટિએ સૌથી મોટો વિસ્તાર ધરાવતી દેશ રશિયા છે. કુદરતે છુટા હાથે ત્યાં સૌંદર્યની લહાણી કરી છે. રશિયામાં ૧૨૦ લાખ કિલોમીટર જેટલી જમીન પર ગાઠ જંગલો ઉભા છે. વિશ્વમાં કયાંય જોવા ન મળે એવા અલભય અને કિંમતી વૃક્ષોથી આછાદીઢ જંગલોનો વૈભવ રશિયા પાસે છે. રશિયા એ પણ વનીકરણની દિશામાં પ્રસંશનીય કામગીરી કરી બતાવી છે. વિશ્વમાં પર્યાવરણના રક્ષણ માટે અને વન સંપત્તિ જાળવી રાખવા માટે સૌથી સઘન અને સર્વશ્રેષ્જ પ્રયાસો કરનાર દેશ બ્રાઝીલ છે. વિશ્વમાં અને ખાસ કરીને યુવા પેઢીમાં ફુડબોલનની જાદુઇ રમત રમી શકતા દેશ તરીકે જાણીતા બ્રાઝીલે વન્ય સંપત્તિ જાળવી રાખવા અદ્ભુત પ્રયાસો કર્યા છે. ૨૦૦૪ થી અત્યાર સુધીમાં બ્રાઝીલે ૩૩ હજાર ચોરસ માઇલ વિસ્તારના રેઇન ફોરેસ્ટ એટલે કે વર્ષા જંગલોનું રક્ષણ કર્યુ છે. બ્રાઝીલ વિશ્વમાં સૌથી વધુ વર્ષા જંગલો ધરાવતું દેશ છે અમેઝોનના જંગલો પણ તેમનો એક હિસ્સો છે. બ્રાઝીલ આ રીતે ધનિષ્ઠ વનીકરણ બચાવ ઝુંબેશ કરીને કાર્બન ઉત્સર્જનના પ્રમાણમાં ૭૦ ટકા જેવો જોરદાર ઘટાડો કરી નાખ્યો છે. ૩.૨ અબજ ટન કાર્બન ડાયોકસાઇડ વાતાવરણમાં પ્રવેશતા અટકાવ્યો છે. વિશ્વ સ્તરે આ બહુ મોટી અને નોંધ લેવા જેવી અનુકરણીફ સીધ્ધી ગણાય. કારણ કે, વૃક્ષો દિવસભર કાર્બન પોતે પોતાનામાં સમાવી લે છે હવામાં ફેંકવા દેતા નથી. આ દ્રષ્ટિએ બ્રાઝીલે વિશ્વ પરના કલાઇમેન્ટ માટે ઉપકારક કામગીરી કરી બતાવી છે. અત્યારે કાર્બન ઉત્સર્જનની માત્ર સૌથી ઓછી ફેંકતો કોઇ દેશ હોય તો એ બ્રાઝીલ છે અને વનીકરણમાં પણ આ દેશ વિશ્વમાં અવલ દરજા પર છે. વેસ્ટન્ડીઝ ટાપુ પૈકીના એક ગુયાના ટાપુ દેશની પણ નોંધ લેવી પડે. અહીં પણ વન નિર્મુલનનો દર વિશ્વમાં સૌથી ઓછો જોવા મળી રહયો છે. વન સંપત્તિની જાળવણી કરવામાં આ ટચુકડા દેશ ગુયાના એ મહાસત્તાઓને પણ શરમાવે એવું કામ કરી બતાવ્યું છે. એમેઝોનના નામથી તો લગભગ બધા વાકેફ હશે જ વિશ્વના સૌથી મોટા અને ધંધોર રેઇન ફોરેસ્ટ તરીકે વિખ્યાત આ વર્ષા જંગલોમાં બેફામ પણે હજુ સુધી વન સંપત્તિનું નિકનદન ચાલુ રહયું છે. એ આંકડા મુજબ એમેઝોન વર્ષા જંગલોમાં દર મીનીટે ૧૫૦ એકર ભુમી પરના વૃક્ષોનો ખો કાઢી નાખવામાં આવી રહયો છે. અડધાથી વધુ રેઇન ફોરેસ્ટ સાફ થઇ ચુકયું છે. દર વર્ષે ૨૦ લાખ ચોરસ માઇલ વિસ્તારમાંથી વૃક્ષો ગાયબ થઇ રહયા છે જે સૌથી વધુ નુકશાન કારક સાબિત થઇ રહયું છે અને વિશ્વના પર્યાવરણ પર તેની ગંભીર અસરો જોવા મળી રહી છે. ઓઝોનના ફળમાં કાણુ પાડવા માટે પણ વૃક્ષોનું બેફામ નિકનદન જ જવાબદાર ગણાવવામાં આવી રહયું છે. આપણા દેશમાં પર્યાવરણનો વિષય ભલે શાળાકિય સ્તરેથી જ ભણાવવામાં આવી રહયો હોય પણ તેને હજુ સુધી ગંભીરતાથી લેવામાં આવી રહયો નથી. નાગરીકોમાં વન અને વૃક્ષો અંગે જોઇએ એવી જાગૃતિ અને સમજદારી જોવા મળતા નથી. શહેરમાં કોઇ એક વૃક્ષ કપાઇ ત્યારે કોઇના હદયને દુઃખ થતું નથી. એક સામાન્ય ઘટના તરીકે તેને ભુલી જવામાં આવે છે. કોઇ પણ 'આલીયો-માલીયો' શખ્સ તેને નડતા વૃક્ષને કોઇને પુછયા વિના કાપી નાખતો હોય છે. જેને અહીં ગુન્હો જ ગણવાની કોઇ રીત રસમ નથી. વહીવટી તંત્ર આ દિશામાં બિલકુલ બેદરકાર ગણાયું છે. ભારતમાં પણ હવે પર્યાવરણ રક્ષા માટે સમયસર અતિ કડકમાં કડક કાયદા ઘડવાનો સમય પાકી ગયો છે. વૃક્ષા રોપણના નાટકો ભજવાતા રહે છે પણ તેની ધારી અસર એટલા માટે જોવા મળતી નથી કે, વૃક્ષોનું વાવેતર કરીને તસ્વીરો ખેંચાવીને બધુ ભુલી જવામાં આવે છે અને ત્યાં વાવેલા વૃક્ષોના રોપાઓ ગાય, ભેંસ અને બકરીઓનો ખોરાક બની જાય છે. સામાન્ય માનવીથી માંડીને ટોચના સરકારી તંત્ર સુધી કોઇપણ સ્તરે વૃક્ષા રોપણ અને વનીકરણની દિશામાં ગંભીરતા જોવા મળતી નથી એ આપણા દેશની કમનસીબી છે. અત્યારે વિશ્વમાં અને ખાસ કરીને ભારતમાં કલાઇમેટને બચાવવા માટે વધુને વધુ પ્રમાણમાં આપણને જંગલોની જરૂર છે. આપણે આપણી ભાવી પેઢી માટે ભયાનક ભવિષ્યનું નિર્માણ કરવું ન હોય તો આપણે સમયસર તે હકીકત સમજી લેવાની જરૂર છે કે, આપણી ભાવિ પેઢીને પ્રદુષીત અને ખરાબ પર્યાવરણથી તથા તેની ભયાનક અસરોથી બચાવવી હોય તો ટીવી, મોબાઇલ અને માઇક કામ નહીં લાગે પણ વૃક્ષો અને જંગલો જ આપણી ભાવી પેઢીના તારણહાર બનશે. આજના અમલદાર શાહી યુધ્ધમાં ધનિષ્ઠ વનીકરણની અપેક્ષા રાખવી એ વધુ પડતું લાગે છે. પ્રસાંસનને દોરવણી આપવા માટેની કામગીરી સત્તા ભોગવતા ચૂંટાયેલા પદાધિકારીઓએ નિભાવવાની રહે છે.એ માટે કોઇ પણ હદે જવું પડે તો જવાની તૈયારી રાખવી પડશે. તો જ નિભર તંત્રમાં જાગૃતિ આવશે અને લોકોમાં પર આવનારા ભય પ્રતિ જાગૃતિનું સિંચન કરી શકાશે.

### રાજકોટમાં ખાદ્ય પર્દાથમાં ભેળસેળ સામે રાજયના ફુડ સેફટી વિભાગનો સપાટો

(૨)Double Elephant Indian Basmati Rice(1 kg pkd), સ્થળઃ-જય હિન્દ ટ્રેડર્સ,૧/૮ લાતીપ્લોટ, કુવાડવા રોડ. (૩)Sajda 1121 Popular Basmati Rice(from 25 kg pkd), સ્થળઃ-જે.જે.એન્ડ કંપની, લાતી પ્લોટ-૧/૬, કુવાડવા રોડ. (૪)Alnaaz Basmati Rice(from 5 kg pkd), સ્થળઃ-રમેશચંદ્ર છગનલાલ એન્ડ બ્રધર્સ, લાતી પ્લોટ, કુવાડવા રોડ, (૫)Trophy Royale' 1121 Finest Extra Long Basmati (1 kg pouch pkd), સ્થળઃ-જે.જે. એન્ડ કંપની, લાતી પ્લોટ-૧/૬, કુવાડવા રોડ. (૬)Daawat Super Basmati Rice (1 kg pkd), સ્થળઃ-કૃષ્ણ જનરલ સ્ટોર, રાજનગર ચોક, (૭) Swad Basmati Rice (from 20 kg pkd), સ્થળઃ-શ્રી વિશ્વનાથ એન્ટરપ્રાઇઝ, મોચીબજાર, (૮) Sweet Tadul Basmati Rice (from 20 kg pkd), સ્થળઃ- શ્રી ગોકુલ ટ્રેડીંગ , મોચીબજાર.

## (અનુ.પ્રથમ પાનાનુ ચાલુ)

### ગુજરાતની ધરાને મેઘાનું વ્હાલ : એક થી ચાર ઈંચ વરસાદ, ખીલી ઉઠી કુદરત

જ કુદરત પણ ખીલી ઉઠી છે. ઠેર-ઠેર લીલોતરી જોવા મળી છે. ખેતરો અને મેદાનોમાં હરીયાળી ચાદર પથરાઇ ગઇ છે. સૌરાષ્ટ્રમાં બોટાદ અને અમરેલીમાં અડધા થી એક ઇંચ વરસાદ પડયાના વાવડ છે. છોટાઉદેપુરમાં ભારે તોફાની પવન ફુંકાતા ડઝન બંધ વૃક્ષો ઉખડી પડયાના વાવડ મળ્યા છે. એક ગામમાં ૧૫ ઘરના છાપરા ઉડી ગયા હતા. આ રીતે ચોમાસાએ ગુજરાતમાં વિધિસર એન્ટ્રી કરી છે. આગામી ચાર થી પાંચ દિવસ સુધી સૌરાષ્ટ્ર તેમજ મધ્ય અને દક્ષિણ ગુજરાતમાં મધ્યમથી ભારે વરસાદ થવાની હવામાન ખાતાએ આગાહી કરી છે. જેના કારણે ખેડૂતોએ લાપસીના રાંધણ મુકવાનું શરૂ કર્યુ છે અને વાવણી માટેની તૈયારીઓ જોશ ભેર શરૂ કરી દીધી છે.

### ચૈનાઇ ઝુમાં કોરોનાથી એક સિંહણનું મોત, અન્ય આઠ સંક્રમીત

તમામ સિંહ-સિંહણ પર નજર રાખવામાં આવી રહી છે અને સારવાર કરવામાં આવી રહી છે. ઝુના તમામ કર્મચારીઓનું રસીકરણ પણ કરવામાં આવ્યું છે. અલગ-અલગ સિંહની જાળવણી માટે અલગ-અલગ રખેવાડો છે એ બધાને પીપીઇ કીટ આપવામાં આવી છે. તપાસ કરવા આવતા તબીબો અને ફિલ્ડ સ્ટાફ માટે પણ પીપીઇ કીટ ફરજીયાત છે. આ પહેલા હૈદરાબાદના ઝુમાં પણ આઠ એશિયાઇ સાવજને કોરોના થયાનું જાહેર થયું હતું. એમનામાં જોવા મળેલો વાઇરસ શાર્સ વાઇરસના અલગ સંશકરણનો હોવાનો રીપોર્ટ બાદ માલુમ પડયો હતો. સાવજોને એમના રખેવાડોને કારણે ચેપ લાગ્યો હોવાનું નિષ્ણાંતો માણે છે.

### જો સાવધ રહીએ તો ત્રીજી લહેર ન પણ આવે : નીતિ આયોગ


આ બધુ આપમેળે બનતું નથી એ માટે આપણે કિંમત ચુકવવી પડે છે. ટોળા શાહીથી દુર રહેવાનું છે. ટોળા ભેગા ન થાય તો વાઇરસ માટે આગળ વધવાનું મુશ્કેલ બની જાય છે. એટલે આમ આદમીએ સાવધાની રાખવી જરૂરી બનશે અને એમાં જ કોમનસેન્સ છે. માત્ર વૈજ્ઞાનિક ગણતરી નહીં પણ સમજદારી જરૂરી છે. પૌલનું કહેવું છે કે, કોરોનાનો ત્રીજો હુમલો કયારે થાય એ સમયે કહી શકાય તેમ નથી જો કે ત્રીજી લહેર ઝડપથી આવશે અને ખુબ જ વેગ પુર્વક પીક પર પણ પહોંચી શકે તેવી શકયતા છે. સાવધાની રાખશું તો પરીણામ સારૂ રહેશે. નિષ્ણાંતો માણે જ છે કે, ત્રીજી લહેર આવી રહી છે એટલે વધુને વધુને રસીકરણ થાય એ જરૂરી છે અને એથી પણ વધુ જરૂરી કોવિડ પ્રોટોકોલના નિયમોનું પાલન થાય એ છે.

### વાર્યા ન વળે એ હાર્યા વળે : ભાજપમાંથી તૃણમૂલ તરફ નેતાઓની ઘર વાપશીનો ધસારો

રોય પણ અત્યારે ભાજપમાં જોડાયેલા છે. ગોકુલ રોય જો કે, ટીએમસીમાં પાછા ફરી રહેલી અફવાને નકારી કાઢી હતી. ચુંટણીઓ વખતે મમતાએ ગોકુલ રોયની સરખામણી બંગાળના ઐતિહાસીક દગાખોર મીર જાફર સાથે કરી હતી. બ્રિટીશ સેનાપતિ રોબટ કલાઇવ સાથેના યુધ્ધમાં મીરજાફરે અણીના સમયે બંગાળના નવાબ સીરાજુ દૌલાને દગો આપ્યો હતો જેના કારણે એમની સેનાનો પરાજય થયો હતો અને બ્રિટીશરોએ આખુ બંગાળ કબજે લઇ લીધુ હતું.

ભાજપ પણ ટીએમસીના નેતાઓના પુનઃ પ્રવેશના પ્રવાહથી વધુ સાવધ બન્યો છે અને પક્ષમાં જોડાયેલા ટીએમસીના નેતાઓ પર ઝીણી નજર રાખવાનું શરૂ કર્યું છે. મમતા બેનર્જીના ભત્રીજા અને ટીએમસીના સાંસદ અભિષેક બેનર્જીએ ગોકુલ રોયની મુલાકાત લીધી ત્યાર બાદ અનેક અટકળો શરૂ થઇ છે. મમતા બેનર્જી ભત્રીજાને હવે વધુ જવાબદારી સોંપવા માંગે છે.

# આવતીકાલે પૂર્વ મેયર જનકભાઈ કોટકનો જન્મદિવસ



રાજકોટ: જનસંઘ અને ભાજપનાં પાયાના પથ્થર સમા, અડિખમ નેતા અને પૂર્વ મેયર જનકભાઈ કોટકનો આવતીકાલે જન્મદિન છે. ૬ જૂન ૧૯૪૭માં જનભાઈનો જન્મ થયો હતો. તેઓએ ૧૯૭૫ થી સંઘ અને ભાજપ સાથે જોડાયેલા અને રાજકોટ કોર્પોરેશનની સ્થાપનાથી દશકાઓ સુધી તેઓ કોર્પોરેટર પદની ચૂંટણી લડતા અને જીતતા આવ્યા છે. તેઓને કોર્પોરેશનમાં શાસક પક્ષ નેતા, મેયર, ડે મેયર તેમજ સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન પદે ફરજ બજાવી, લોકસેવા કરી. મેયર બન્યા પછી પણ સાદુ જીવન અને ઉચ્ચ વિચારો જાળવી રાખી તેમણે આદર્શ જનસેવાનું ઉતમ ઉદાહરણ પૂરું પાડયુ હતુ. જન્મદિન નિમીતે રવિવારે સવારે ૮ થી ૯ દરમ્યાન રેસકોર્ષ ચબૂતરા પાસેથી પ્રવર્તમાન સ્થિતિને ધ્યાનમાં રાખીને પૂરતું સોશ્યલ ડિસ્ટનસિંગ રાખીને, માસ્ક સહિતના કાયદાને પૂરતું માન આપીને એનિમલ હેલ્પલાઇનના સહકારથી ચકલીનાં માળા, પક્ષીના પાણી પીવાના કુંડા – રામપાતર, ગાયમાતાને પાણી પીવાની કૂંડી, તથા તુલસીનાં રોપાનું નીઃશુલ્ક વિતરણ કરી જન્મદિનની સેવામય ઉજવણી કરાશે.

# જિલ્લા ભાજપ મહિલા મોરચાની બેઠક યોજાઈ



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૫

જીલ્લા ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષ તરીકે સીમાબેન જોશી, મહામંત્રી જીજ્ઞાબેન પટેલ તથા અસ્મિતાબેન રાખોલિયાની વરણી થયા બાદ રાજકોટ જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે પ્રદેશ ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષ ડો.દીપિકાબેન સરડવાની વિશેષ ઉપસ્થિતિમાં તથા પ્રદેશ મહિલા મોરચાના મહામંત્રી વીણાબેન પ્રજાપતિ, જીલ્લા સંગઠન પ્રભારી રક્ષાબેન બોળીયા, જીલ્લા અધ્યક્ષ મનસુખભાઈ ખાચરીયા, મહામંત્રીઓ નાગદાનભાઈ ચાવડા, મનસુખભાઈ રામાણી, મનીષભાઈ ચાંગેલા, જીલ્લા પંચાયત અધ્યક્ષ ભૂપતભાઈ બોદર, ધારાસભ્ય લાખાભાઈ સાગઠીયા, પ્રદેશ કારોબારી સભ્ય ચેતનભાઈ રામાણી, જીલ્લા ઉપપ્રમુખ રીનાબેન ભોજાણી, જીલ્લા મંત્રીઓ રમાબેન મકવાણા, ભાનુબેન ઠુંમર, બિંદીયાબેન મકવાણા, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ સવિતાબેન વાસાણી, મહિલા અને બાળ વિકાસ સમિતિના ચેરમેન સુમિતાબેન આર. ચાવડા, ગોંડલ નગરપાલિકા પ્રમુખ શીતલબેન કોટડીયા, જસદણ નગરપાલિકાના પ્રમુખ અસ્મિતાબેન રૂપારેલીયા, જીલ્લા પંચાયતના ચૂંટાયેલા મહિલા સદસ્યો, તાલુકા પંચાયતના મહિલા સદસ્યોની ઉપસ્થિતિમાં મહિલા મોરચાની પ્રથમ શુભેચ્છા બેઠક યોજાઈ હતી. બેઠકની તમામ વ્યવસ્થા અલ્પેશભાઈ અગ્રાવત, જયેશભાઈ પંડ્યા, વિવેક સાતા, વિવેક વિરડીયા, યશ વાળા તથા કિશોર ચાવડાએ કરી હતી તેમ રાજકોટ જીલ્લા ભાજપ પ્રેસ મીડિયા ઇન્ચાર્જ અરૂણભાઈ નિર્મળની યાદીમાં જણાવે છે.(૧.૨)

# એક અસત્ય છુપાવવા અનેક અસત્યોનો જન્મ

અસત્ય એટેલે ગુજરાતીમાં મિથ્યા વાત કે જુઠાણું એવો સામાન્ય અર્થ નિષ્પન થાય. આપણે જાણે અજાણે ક્યાંક તેનો સહારો લઈએ છે તો ક્યાંક સમય જ તેનો સહારો લેવડાવતો હોય છે. જ્યાં સુધી અસત્ય છુપાયેલું રહે ત્યાં સુધી તો કાઈ તકલિફ જ નથી પણ જ્યારે તે ખુલ્લુ પડી જાય ત્યારે તેમાંથી અનેક અસત્યો જન્મ લેતા હોય છે. કોઈ પોતાની વાહવાહ માટે અસત્ય બોલે તો કોઈ પૈસા, મિલકત, કામચોરી, વગેરે કેટકેટલા પ્રકારે અસત્ય બોલતા હોય છે. અમુક માણસોને તો તે આદત જ બની જતી હોય છે, તો અમુક બોલ્યા પછી ઘણા પસ્તાતા હોય છે. માણસે માણસે તેના પ્રકાર અલગ-અલગ હોવાના. આ અસત્યનો ટૂંકો માર્ગ માણસને આનંદ જરૂર આપે છે પણ પકડાય જવાનો ડર રહે છે. પકડાયા પછી જે નાક કપાય છે તેની રૂજ આવતા ઘણો સમય લાગે છે અને આ રૂજ લાવતા પણ ઘણા અસત્યો બોલવા પડે અને જો કદાચ રૂજ માટે બોલેલા અસત્યો પણ પકડાય જાય તો તો પછી પાક થઈ જાય છે. તેની રૂજ આવવી મુશ્કેલ બની જતી હોય છે. અસત્ય બોલનાર વ્યક્તિને ક્યારેક એવું થાય કે હુ ક્યારેય પકડાવ જ નહીં તો....પણ અસત્ય બોલતી વખતે શારિરીક અને વાચિક ચેષ્ઠાથી તમારું જુઠ પકડાય જાય છે અને ફરી તેને છુપવવા તમે 'ચોરીને ચિકણું' કરવા માંગતા હોય તેમ અનેક નુસકાઓ અપનાવો તો પછી તેવું શું પરિણામ આવે તેની કલ્પના તો તમે કરી શકો છો.

આમ છતાં આ બાબતે માણસે માણસે તફાવત હોય છે. કાયમી અસત્ય બોલતા હોય તેને કોઈ અસર થતી નથી અને એકવાર બિચારો ક્યાક ફસાય ત્યારે અસત્ય બોલે અને જો તેમાં પકડાય જાય તો પછી તેની હાલત જ ખરાબ થઈ જાય છે. તે આ એક અસત્ય છુપાવવા અનેક અસત્યનો સહારો લેઈ છે અને તેમાં ફાવી જાય તો પછી અસત્ય બોલવાની આદત પડી જાય છે. આ આદત વાળો માણસ ક્યાય પકડાતો નથી. આમ તો સત્ય-અસત્યની વાત આવે એટલે આપણને ગાંધીજી જરૂર યાદ આવે. એક વાર ગાંધીજી ચાર રસ્તા પર ઉભા હતા ત્યારે ત્યાંથી એક ગાય પસાર થઈ, ગાંધીજીએ તે ગાયને જોઈ પણ ખરી. થોડીવારે ત્યાંથી ગાયને કતલખાને લઈ જનાર ખાડકી પસાર થયો. તેણે ગાંધીજીને પૂછ્યુ: 'ગાય કઈ દીશામાં ગઈ ?' ગાંધીજીને ખબર હતી ગાય કઈ દીશામાં ગઈ હતી. જો તે સત્ય બોલે તો ખાડકી ગાયને પકડી કતલખાને લઈ જાઈ અને ખોટું બોલી અન્ય દિશામાં ગઈ તેવું કહે તો ગાંધીજી અસત્ય બોલ્યા તેવું ઠરે. એટલે તેમણે ખાડકીને કહ્યું: 'ગાય કઈ દીશામાં ગઈ તે મને ખબર છે પણ મારે તને કહેવું નથી તારે જે કરવું હોય તે કરી લે.' અહીં ગાય પણ બચી ગઈ અને અસત્ય પણ ન બોલવું પડ્યું.



**ડો.ભાવેશ ચાંદેગરા**

ગાંધીજીની આ વાતનો હાર્દ એ જ છે કે ધર્મસંકટ સમયે અસત્ય બોલાવામાં કશું નુકસાન નથી પણ એક વાર ધર્મસંકટનું અસત્ય બીજીવારના અસત્યને જન્મ આપે છે. આમ કોઈ પણ વસ્તુની શરૂઆત તો સારા માટે થતી હોય છે પણ પછી તે જ વસ્તુ નરસી બાબતને પણ જન્મ આપી શકે છે. માણસમાં એક અનુવાંશિક અસત્ય બોલવાની આદત પણ જન્મે છે. બાળક માતા-પિતા કે ઘરના કોઈપણ સભ્ય અસત્ય બોલે ત્યારે તેનું અનુરણ કરે છે અને પછી અસત્ય બોલવાની આદત પડે છે. દરવાજે કોઈ માણસ પિતાને બોલાવતા હોય એટલે પિતા પોતાને સંતાનને કહેઃ 'પેલા માણસને કહી દે મારા પપ્પા ઘર પર નથી.' હવે જો પિતાજી ઘર પર હોય અને તે છોકરા પાસે આવું નાનું એવું અસત્ય પણ બોલાવે છે તે આગળ જતા તો છોડની જેમ મોટું થતું જાય છે.

આ બાબતે ફરી એક વાર વિચાર કરીએ કે એક અસત્ય અનેક અસત્યને જન્મ આપે છે. જીવરામ ભટ્ટની વાત તો તમે સાંભળી જ હશે. તેમને રતાંધણપણું (આંખે ન દેખાવું) હતું. તે સાસરીમાં આ વાત છુપાવવા માંગતા હતા. તેમના સાસુએ તેમને ત્રણ આંગળી બતાવી પૂછ્યુ: 'આ કેટલી આંગળી છે ?' એટલે તેણે જવાબ આપ્યોઃ 'પાંચ.' સાસુંએ તેમને કહ્યુ: 'પાંચ નહીં ત્રણ છે.' ત્યારે જીવરામ ભટ્ટે કહ્યું: 'ત્રણ ઉભી અને બે વાંકી એટલે પાંચ જ થાય ને. તમે ખાલી ઉભી આંગળી એવી સ્પષ્ટતા થોડી કરી હતી.' આમ જીવરામ ભટ્ટ તેમની રતાંધણપણાની વાત છુપાવવા વાચળ બનીને અનેક નુસકા અપનાવે છે પણ તે હાસ્યસ્પદ બને છે. આમ આપણે એક અસત્યને છુપાવવા અનેક અસત્યનો સહારો લેતા હોઈએ અને કદાચ તેમાંથી બચી જતા હોઈએ અને પોતાની જાતને હોશિયાર માનીએ છે પરંતુ એ ન ભૂલવું જોઈકે કયાંક હાસ્યસ્પદ પણ બનતા હોઈએ છે. સામેના વ્યક્તિ બધું જાણવા છતાં કેટલુંક નજર અંદાજ કરતા હોય છે, એ તમે જાણવા છતાં પણ અજાણ બનતા હોઉં છો. જો આમ જ હોઈ તો જીવનમાં અસત્યનો સહારો લેવો જ શું કામ જોઈએ. માત્ર બે ઘડીની વાહ! વાહ! અને થોડા ફાયદા માટે આપણી જાતને શા માટે હાસ્યાસ્પદ બનાવવી જોઈએ. એટલે કદાચ કવિ ન્હાનાલાલ પ્રભુને પ્રાર્થના કરે છે કે,

અસત્યો માંહેથી પ્રભુ! પરમ સત્યે તું લઈ જા, ઊંડા અંધારેથી, પ્રભુ પરમ તેજે તું લઈ જા.

એક સંશોધનમાં પણ પૂરવાર થયું છે કે અસત્ય બોલવાથી માણસનું નૈતિક રીતે તો પતન થાય જ છે પણ સાથે શારિરીક અને માનસિક રીતે પણ પતન થાય છે. અસત્યરૂપી ક્ષણિક આનંદથી દીર્ઘ આનંદ તો છિનવાઈ જાય છે. ક્યારેક આપણને એવું થાય કે મેં એક નાનું એવું જુઠાણું ચલાવ્યું એમાં શું ? મેં કોઈનું ખૂન થોડીને કરી નાખ્યું. આ એક નાના એવા સત્યની ઇતિથી અંત સુધીની કહાની સાંભળો તો ખબર પડે કે તેનાથી કેટલું નુકશાન થાય. ઘરમાં કોઈ વડિલ અસત્ય બોલે ત્યાં દીકરો સાંભળે તે પણ શિખે, બીજા બે મિત્રોને પણ બોલાવતા શિખવાડે અને બીજા બે મિત્રો પણ પાંચને શિખવાડે એટલે કહેવાનો મતલબ એજ છે કે અસત્ય એ અનંત છે. તેની કોઈ સીમા નથી એમાં પણ માણસ પાવરધો બની જાય પછી તો પોતાને બુદ્ધિશાળીનું લેબલ લાગવી દે છે. આમ પણ જુઠ બોલવું આસાન નથી કારણ કે તેમાં એક સમયે બે વસ્તું યાદ રાખવી પડેઃ એક સત્યને છુપાવવું પડે અને અસત્યને દેખાડવું પડે અને બીજું સત્ય સાથે જોડાયેલી તમામ વાતને છુપાવવી પડે. સાથે સાથે તેને અસત્યને સત્ય સાબિત કરવા નાની નાની વસ્તુંને સામેલ કરવી પડે.

# જેસીઆઈ દ્વારા શહેર ભાજપ મહિલા મોરચાના પ્રમુખનું સન્માન કરાયું



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટઃ જેસીઆઈ, રાજકોટ દ્વારા સમાજમાં વિવિધ રૂપે યોગદાન આપનારા અગ્રણીઓનું સન્માન કરવામાં આવે છે . ત્યારે ફાઉન્ડર પ્રેસીડેન્ટ અને સૌરાષ્ટ્ર ગ્રામીણ બેંકના મેનેજર અનિશાબેન મચ્છર અને જેસી પ્રિતીબેન પટેલ દ્વારા શહેર ભાજપ મહિલા મોરચાના નવનિયુક્ત પ્રમુખ કિરણબેન માકડીયાનું પુષ્પગુચ્છ અર્પણ કરી અદકેરૂ સન્માન કરી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.(૧.૧)

# યુવા ભાજપના મંત્રી પાર્થ જાવિયાનો આજે જન્મદિવસ



રાજકોટઃ શહેરના વોર્ડ નં.૮ ના યુવા ભાજપના મંત્રી પાર્થ જાવિયાનો આજે જન્મદિવસ છે. ત્યારે પોતાનાં મંગલમય જીવનનાં ૨૩ વર્ષ પુર્ણ કરી ૨૪ માં વર્ષમાં પ્રવેશી રહયા છે. ત્યારે ઠેર-ઠેરથી શુભેચ્છા મળી રહી છે. રાધે રાધે ચેરીટેબલ ટ્રસ્ટના ઉપપ્રમુખ તરીકે તેમજ યુવા ભાજપના કેન્દ્ર અને રાજય સરકાર યોજના સેતુ કન્વીનર તરીકે સેવા આપી યુવા વયે પણ પોતાનું સામાજીક દાયિત્વ નીભાવી રહયા છે. રાષ્ટ્રીય સંત સુરક્ષા પરીષદ રાજકોટ શહેર-જીલ્લામાં પ્રચાર-પ્રસાર મંત્રી તરીકે પણ જવાબદારી સંભાળી રહયા છે. ત્યારે સરળ, મિલનસાર અને હસમુખો સ્વભાવ ધરાવતા પાર્થ જાવિયાને ભાજપ અગ્રણીઓ, મિત્રવર્તુળ, પરિવારજનો તરફથી તેમના જન્મદિવસે પોતાના મોબાઈલ નં. ૯૭૩૭ઘઘ૪૪૪૦ અને મો નં. ૯૭૭૩૪૭૪૫૩૨ ઉપર શુભેચ્છા વરસી રહી છે. તથા સૌરાષ્ટ્ર ક્રાંતી તરફથી જન્મદિવસની શુભેચ્છાઓ...

# ગાંધીધામથી અમદાવાદ જતી માલગાડી હડફેટે આવતા યુવાનનું મોત

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

હળવદ,તા.૫

હળવદ કાશી વિશ્વનાથ મંદિર પાસે રેલવે ટ્રેક પર ગાંધીધામ થી અમદાવાદ તરફ જતી માલગાડી હડફેટે યુવાન આવી જતાં ઘટનાસ્થળે કરુણ મોત નિપજ્યું હતું. ઘટનાની જાણ થતા રેલવેના દેવજીભાઈ, ૧૦૮ નો સ્ટાફ, આરપીએફ બદનસીંગ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો.

કાશી વિશ્વનાથ મહાદેવ મંદિર પાસે યુવાન ટ્રેનના હડફેટે આવી જતા મોત નિપજયું હતું.

ગાંધીધામ તરફથી આવતી અમદાવાદ તરફ જઈ રહેલ માલવાહક ટ્રેનની હડફેટે યુવાનનું કરુણ મોત નિપજયું હતું. ઘટના સ્થળે લોકોના ટોળે ટોળા ઉમટયા હતા. ઘટનાની જાણ થતાં રેલવે પોલીસ ઘટના સ્થળે



દોડી આવી હતી.

મૃતક યુવાન અશોક દેવશીભાઈ ઉઘરેજા રહે. ભવાનીનગર ઠોરો વાળા હોવાનુ જાણવા મળ્યું હતું. યુવાનને હળવદની સરકારી હોસ્પિટલ ખાતે પીએમ માટે ખસેડવામાં આવ્યો હતો. આગળની કાર્યવાહી હળવદ પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી હતી.(૧૪.૨)

# ગોંડલમાં પત્ની સાથે ઝઘડો થતા સાળાએ બનેવીને લમધાર્યો

## ભાણવડના બે શખ્સોએ પાઈપ, ધોકા વડે હુમલો કરી ત્રણને ઈજા કરતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫

ગોંડલનાં ઉળવાડા રોડ પર રેલવે ફાટક પાસે રહેતા ગરાસીયા યુવાનને પત્ની સાથે ઝઘડો થયાનો ખાર રાખી ભાણવડનાં સાળા સહિત બે શખ્સોએ પાઈપ-ધોકા વડે હુમલો કરી મારમારતા ફરિયાદ નોંધાઈ છે. આ અંગેની વિગત મુજબ ગોંડલનાં ચોકસી નગરમાં રહેતા રામદેવસિંહ છોટુભા ઝાલા (ઉ.વ.૪૫) નામના ગરાસીયા યુવાને ગોંડલ સીટી પોલીસમાં ફરિયાદ નોંધાવી છે કે ગઈકાલે તેની પત્ની સાથે ઝઘડો થયો હતો. જે બાબતે ભાણવડમાં રહેતા તેના સાળા હરદેવસિંહ નટુભા જાડેજા સાથે ફોનમાં બોલાચાલી થઇ હતી. જે બાબતનો ખાર રાખી ગઈકાલે સાંજે ભાણવડમાં રહેતો તેનો સાળો હરદેવસિંહ જાડેજા અને તેનો મિત્ર ઈમરાન નામના બંને શખ્સો ઘરે આવી લોખંડનાં પાઈપ-ધોકા વડે હુમલો કરી માથામાં ઈજા કરી હતી. ઝઘડામાં છોડાવવા વચ્ચે પડેલા તેના મોટા ભાઈ રાજદેવભાઈ તથા તેના બનેવી યુવરાજસિંહને પણ મારમારી શરીરે ઈજા કરી નાસી ગયા બાદ ત્રણેયને સારવારમાં ગોંડલની સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવનાં પગલે ગોંડલ સીટી પોલીસના હેડ કોન્સ્ટેબલ આર.ડી.ઝાલાએ પ્રાથમિક તપાસ હાથ ધરી છે.

# જેતલસરમાં જુગાર રમતા છ શખ્સોની ધરપકડ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ,તા.૫ઃ જેતપુરના જેતલસર ગામે જંકશન પાસે આવેલા કબ્રસ્તાન નજીક લાઈટના અંજવારે જાહેરમાં તીનપતીનો જુગાર રમતા મુકેશ ભીમા મકવાણા, દિલીપ સોદાનસિંગ સીલપડા, અતુલ મિમન પનારા આમદ મહમદ ચૌહાણ, હનીફ ઈકબાલ કાદરિયા, તથા દીગા વાઘેલા સહીત છ શખ્સોની પોલીસે ધરપકડ કરી જુગારના પટમાંથી રોકડ રૂ.૧૬૨૫૦ સહીત કુલ રૂ.૪૦૭૫૦ નો મુદામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

# વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા પ્રવિણ રામને સર્ટિફિકેટ એનાયત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૫

સફળ આંદોલન અને સેવાકીય પ્રવૃત્તિઓની ગુજરાતમાં જ્યારે જ્યારે વાત આવે ત્યારે પ્રવિણ રામનો ચહેરો તમામ ગુજરાતીઓની સમક્ષ આવે, આંદોલનકારી પ્રવિણ રામ છેલ્લા ૮ વર્ષથી ગુજરાતમાં યુવાનો માટે, ખેડૂતો માટે, કર્મચારીઓ માટે, આશા અને આંગળવાડી બહેનો માટે હરહંમેશ અવાજ ઉઠાવતા આવ્યા છે, અને માત્ર અવાજ નહી પરંતુ પરિણામ સુધી લડત ચલાવી લોકોને એમનો હક્ક પણ અપાવ્યો છે.

પ્રવીણભાઈ રામે સૌપ્રથમ લોકોના આરોગ્ય સાથે ચેડાં કરતા લોકો સામે લડત ચલાવી બિનકાયદેસર ચાલતા ૬૦૦૦ મેડિકલ સ્ટોર બંધ કરાવ્યા. બેરોજગાર યુવાનો માટે ગુજરાતમાં અવાજ ઉઠાવ્યો, આમ



આંદોલનના માર્ગે ગુજરાતના તમામ વર્ગના લોકોનું નેતૃત્વ કરી ન્યાય તો અપાવ્યો પરંતુ સાથે સાથે એમણે એમના એક પણ આંદોલનમાં સરકારી સંપતિને નુકશાન ના પહોચાડી અને રાષ્ટ્રપ્રેમના દર્શન કરાવ્યા એ ખૂબ જ મહત્વની બાબત છે.

અમરેલી પુર હોનારતમાં એમની સંપૂર્ણ ટીમ સેવાકાર્યમાં લાગી ગઈ હતી તેમજ કોરોનાનાં કપરા કાળમાં પણ પ્રવીણભાઇ રામ દ્વારા અને એમની ટીમ દ્વારા લોકોમાં જાગૃતતા ફેલાવવી, ઓકિસજનના બાટલાનું વિનામૂલ્યે વિતરણ, મિથેલીન બ્લુનુ વિનામૂલ્યે વિતરણ જેવા અનેક સેવાકીય કાર્ય કરી પોતાની ફરજ અદા કરી અને સાથે સાથે તાઉતે વાવાઝોડામાં અસરગ્રસ્ત લોકો માટે રાશન કીટ, ઘાસચારો વિનામૂલ્યે મોકલી અસરગ્રસ્ત લોકોની એમના દ્વારા સેવા કરવામાં આવી રહી છે.

ત્યારે લાંબા સમય બાદ સફળ આંદોલનકારી અને યુવા નેતા પ્રવીણભાઇ રામની નોંધ વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા લેવામાં આવી અને વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ દ્વારા પ્રવીણભાઇ રામને સર્ટિફિકેટ પણ એનાયત કરવામાં આવ્યું.(૧૪.૨)

# 'આપ' શહેર પ્રમુખ પદે શિવલાલભાઈ પટેલની વરણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ,તા.૫

આમ આદમી પાર્ટીમાં છેલ્લા બે વર્ષથી ખૂબ જ મહત્ત્વની જવાબદારીઓ નિભાવી રહ્યા છે અને સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં પણ ખૂબ જ મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવેલ જેને ધ્યાનમાં રાખીને શિવલાલભાઈ પટેલને શહેર પ્રમુખ જેવી મહત્વપૂર્ણ જવાબદારી સોંપેલ છે.

નવનિયુક્ત પ્રમુખ શિવલાલ પટેલ રાજકોટ ઈલેક્ટ્રીક કોન્ટ્રાક્ટર એસોસિએશનના છેલ્લા ૧૫ વર્ષથી પ્રમુખ ની કામગીરી કરે છે અને ૨૦૧૨ થી રાજકોટ ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના વિવિધ હોદ્દા ઉપર રહી



બે ટર્મ પ્રમુખ સુધી કામગીરી બજાવેલ છે હાલ તેઓ વિવિધ સંસ્થાઓ ખોડલધામ મંદિરના ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે આઠ વર્ષ સુધી કામગીરી બજાવી હતી. રાજનગર કો.ઓ હાઉસિંગ સોસાયટીના માનદ મંત્રી અને ઉપ-પ્રમુખની કામગીરી છેલ્લા દસ વર્ષથી બજાવે છે.

વીજળી અંગેના કાયદા બનાવતી જી ઈ આરસી ઇલેક્ટ્રિક સપ્લાય **code** રિવ્યૂ પેનલ ગાંધીનગરમાં ડિરેક્ટર તરીકે કામગીરી ગુંદાસરા એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ ગુંદાસરા કારોબારી સભ્ય, **gujarat traders** ફેડરેશન સૌરાષ્ટ્ર ઝોનમાં પ્રમુખ તેમજ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ તથા ગુજરાત વીજળી કોન્ટ્રાક્ટર મંડળ અમદાવાદ અને શ્રી જનકલ્યાણ ટ્રસ્ટ રાજકોટ તથા ગુજરાત વેપારી સંકલન સમિતિ રાજકોટ અને રાજકોટ ઇલેક્ટ્રિક મર્ચન્ટ એસોસિએશન વાલીમંડળ એમ.જી અને એસડી બારદાનવાલા કન્યા વિદ્યાલય રાજકોટ જેવી સંસ્થાઓમાં ડિરેક્ટર તરીકેની કામગીરી બજાવેલ હતી.

# યુસીએમએએસ ઓનલાઈન ચેલેન્જ પરીક્ષામાં ભારતનો દબદબો

**રાજકોટ ભગવતી એકેડમીના ૧૨ સ્ટુડન્ટોએ સારો દેખાવ કર્યો**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫

યુસીએમએએસ ઓનલાઈન ચેલેન્જ પરીક્ષા કુલ ૩૩ દેશોમાં અલગ-અલગ સમય ઝોનની સંભાળ રાખીને અલગ-અલગ ત્રણ સ્પર્ધાઓમાં કુલ ૧૭,૦૦૦ થી પણ વધુ બાળકોએ ભાગ લીધો હતો. જેમા ભારતમાં વિઝયુયલ સ્પર્ધામા -૭,૮૦૦ થી વધુ યુસીએમએએસ ઓન લાઈન ચેલેન્જ-૨૦૨૧ મા ૩૩ દેશોમાંથી ભાગ લીધો હતો. જયારે ૩૧ દેશોમાંથી મેરેથોન સ્પર્ધામાં ૪૮૦૦૦ ઉપરાંત વિધાર્થીઓએ પરીક્ષા આપી હતી. તેમજ ૩૨ દેશોમાથી ફલેશ સ્પર્ધામા ૪૭૦૦ થી વધારે બાળકો આ પરીક્ષા આપી ભાગ લીધો હતો. ભારત વિશ્વ સ્તરે મહતમ ટ્રોફી વિજેતા સાથેના દેશ બન્યો છે. જેમા ૪ ગ્રાન્ડ ચેમ્પિયેનસ અને ૧૪ ચેમ્પિયનસ સાથે યુસીએમએએસ ઈન્ડિયા સૌથી વધારે વિજેતાઓ સાથે ટોચ ઉપર આવ્યુ છે અને રાજકોટ ભગવતી એકેડમીના ઉમેશ કાનપરાના ૧૨ સ્ટુડન્ટ પાર્ટીસીપેટ થયા હતા. તેમાથી શ્રીટાકે આઠ મિનિટમાં બસો દાખલા ગણીને ફસ્ટ રેંક મેળવ્યો અને બાકીના ૧૧ સ્ટુડન્ટ થર્ડ નંબર ઉપર મેળવ્યા છે. રાજકોટની ભગવતી એકેડમીનાં ઉમેશ કાનપરાની અખબારી યાદીમાં જણાવવામા આવેલ છે.

# ઉપલેટાની મોજ નદીમાંથી રેતી ચોરી અટકાવવા માંગ

**ઉપલેટા મામલતદારને લેખિતમાં ફરિયાદ કરતા સરપંચ**

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

ઉપલેટા, તા.૫

ઉપલેટા તાલુકાનું ગઢાળા ગામના સરપંચ નારણભાઈ અહીર દ્વારા જણાવ્યું કે ઉપલેટાની મોજ નદી માંથી છેલ્લા ઘણા સમય થયા બહારના લોકો આવી અને ગેરકાયદેસર રેતી ચોરી કરે છે જેના કારણે સરકારી સંપતિને ભારે નુકશાન થઇ રહ્યું છે તેવું સરપંચ દ્વારા જણાવવામાં આવ્યું છે ત્યારે આ અંગેની અગાઉ અનેકો વખત તંત્રને રજુઆત કરેલ છે છતાં કોઈ નિવેડો નહિ આવતા અંતે સરપંચ દ્વારા આ અંગેની લેખિત ફરિયાદ ઉપલેટા મામલતદારને કરી અને ફરિયાદની નકલો ધોરાજી ઉપલેટા ધારાસભ્ય, રાજકોટ કલેકટર, ડી.એસ.પી. રાજકોટ રૂરલને મોકલવામાં આવી છે અને આ કુદરતી સંપતિને નુકશાન કરી અને ગેરકાયદેસર રીતે થતી રેતી ચોરી અટકાવવાની માંગ કરી છે.

આ અંગેની વધુ વિગતો અનુસાર ઉપલેટા-ધોરાજી પંથકમાં ખાણ ખનીજ વિભાગ જાણે આવા ગેરકાયદેસર થતી ખનીજ ચોરીમાં સામેલ હોઈ તેમ કોઈ તપાસ, ચેકિંગ રેડ કે કોઈ પણ પ્રકારની ખનીજ વિભાગની કામગીરી નહિ કરતુ હોઈ તેવું પણ માલુમ પડે છે જેના કારણે અહિયાં સ્થાનિક વહીવટી તંત્ર મામલતદાર દ્વારા ખનીજ વિભાગની કામગીરી કરવામાં આવે છે અને ખનીજ ખાતું આ બાબતે નિંદ્રામાં હોઈ અથવા તો ગેરકાયદેસર થતા ખનનમાં ભાગીદાર અથવા તો સંડોવાયેલ હોઈ તે સ્પષ્ટ પણે દેખાઈ આવેલ છે.

ત્યારે જીલ્લામાં અને વિભાગના ઉચ્ચ અધિકારી દ્વારા તપાસ અને રેડ કરવામાં આવે તો કેટલાયના ભાંડા ફૂટી શકે તેમ છે અને કેટલાય સરકારી કર્મચારીઓની રહેમદીલી અને રાહબારી સામે આવી શકે છે.(૧૪.૪)

# કેશોદમાં ઓનલાઈન સમર કેમ્પ યોજાયો



**બ્રહ્મ સોશિયલ ફોરમની મહિલાઓ દ્વારા બાળકોને જ્ઞાન સાથે ગમ્મત**

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

કેશોદ,તા.૫

ઓનલાઇન ૧૦૦ બાળકોને સતત ૧ કલાક મોજ મજા મસ્તી મનોરંજન જ્ઞાન સાથે ગમ્મત દ્વારા પ્રવૃત રાખવામાં બખૂબી સફળ રહ્યા આ કપરા કાળમાં બાળકોની નિર્દોષતા અને હાસ્ય જાળવવું એ ખૂબ જ કપરું અને કઠિન કાર્યછે કાર્યક્રમનું આયોજનમાં શિવાની પંડ્યા, મમતા રાવલ આરતી પંડ્યા, સિમા ટીટીયા, ઉન્નતી પંડ્યા, ફોરમ પંડ્ય સહીતની બ્રહ્મ સોશ્યલ ફોરમની હોદેદાર મહીલાઓ દ્વારા સમર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું જે બદલ સમગ્ર ટીમને લોકોએ દિલથી અભિનંદન પાઠવ્યા હતા બાળકોના હાસ્ય જળવાઈ રહે એમાં અંગત રસ લઈ ઓનલાઇન સમર કેમ્પમાં પરિવાર જેવી ભાવના થાય ઓનલાઈન કાર્યક્રમમાં ભાગ લેનાર તનાવ મુક્ત બની હળવો ફૂલ થયા હતા.(૧૪.૩)

# દેડીયાપાડાના તબીબ ક્ષેત્રમાં અવિરલ ઘટના

## ૬૨ વર્ષના વૃધ્ધનું ૬૪૦ ગ્રામની પથરીનું સફળ ઓપરેશન



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

ભરૂચ, તા.૫

ભરૂચનાં ફલશ્રુતિ નગર વિસ્તારમાં હોસ્પિટલ ધરાવતા ડો જ્યંતીભાઈ વસાવાનાઓની પાસે નર્મદા જિલ્લાનાં ડેડીયાપાડા તાલુકાના મોઝદા ગામના ૬૨ વર્ષીય મોતિસિંગ વસાવા પેટમાં દુખાવાની તકલીફ સાથે આવ્યાં હતાં. તેમને ઝાડા ઉપરાંત યુરિનામાં પણ તકલીફ હતી. તેઓ બરાબર રીતે ચાલી શકતા પણ ન હતાં. ડો. જયંતિ વસાવાએ રોગના નિદાન માટે રીપોર્ટ કઢાવ્યાં હતાં. જેમાં તેમના મુત્રાશયમાં વિશાળ પથરી હોવાનું બહાર આવ્યું હતું.

બન્ને કિડની ફેઈલ થઈ ગઈ હતી. આખરે જટિલ ઓપરેશન કરી ૬૪૦ ગ્રામ વજનની તેમજ ૪ ઈંચ લાંબી અને ૫ ઈંચ પહોળી પથરી સફળતા પુર્વક કાઢવામાં આવી હતી. આ બાબતે ડો. જયંતિ વસાવાએ જણાવ્યું હતું કે, તેમની કેરિયર માં અત્યાર સુધી ૩૦૦ મી.લિ. ગ્રામ ની પથરી કાઢી હતી પણ આ સૌ પ્રથમ વાર આટલી મોટી પથરીનું ઓપરેશન તેમને કર્યું છે.

પથરીના દર્દીએ ખૂબ પાણી પીવું જોઈએ તેમજ દર્દ જેવું લાગે તો તરત જ ડોકટર નો સંપર્ક કરી સલાહ લેવી જોઈએ કેટલીકવાર પથરી ના કારણે કિડની પણ કાઢી નાખવી પડે છે. (૧૪.૯)

# દધેડા ગામે બોગસ ડોક્ટર ઝડપાયો

## એલોપેથિક દવાઓ, ઈન્જેકશન, મેડિકલ સાધનો જપ્ત કરી તપાસ હાથ ધરી

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

અંકલેશ્વર, તા.૫

ઝઘડીયા પોલીસ મથકનો સ્ટાફ જીઆઈડીસી વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન જીઆઈડીસી પાસે આવેલ દધેડા ગામે દુકાન ભાડેથી રાખી શ્યામલ સુશાંત બિસ્વાસ નામનો વ્યક્તિ ડોક્ટરની ડિગ્રી વગર ક્લિનિક ચલાવી પ્રેક્ટિસ કરી રહ્યો હોવાની માહિતી મળતા પોલીસે રેડ કરી હતી પોલીસે તપાસ કરતા મૂળ પશ્ચિમ બંગાળના હાલ અંકલેશ્વરના શ્યામલ સુશાંત બિસ્વાસ, પાસે ક્લિનિક ચલાવવા માટે કોઈ પણ ડિગ્રી ન હતી.

જેથી તે નકલી ડોક્ટર હોવાનું જણાતાં પોલીસે તેની ધડપકડ કરી તેના ક્લિનિકમાંથી એલોપેથિક દવાઓ, ઈન્જેકશન તેમજ મેડિકલને લગતા સાધનો જપ્ત કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.(૧૪.૫)

### ગડખોડ ગામે સામુહિક આરોગ્ય કેન્દ્રને ભેટ

# ગુજરાત કેમિકલ પોર્ટ કંપની દ્વારા બે વેન્ટીલેટર અર્પણ





**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

અંકલેશ્વર, તા.૫

કોરોના મહામારી માં અંકલેશ્વરના ગડખોલ ગામ ખાતે આવેલ સામુહિક આરોગ્ય કેન્દ્રને કોવિડ સેન્ટર તરીકે જાહેર કરવામાં આવ્યું હતું. અંકલેશ્વરના ધારાસભ્ય અને સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલના માર્ગદર્શન અને સૂચના મુજબ ગામના યુવા ડે સરપંચ રોહન પટેલે રાજય સરકારની ગાઇડલાઇન મુજબ ખાનગી કંપની ના સહયોગથી સીએચસી સેન્ટર ને અધતન સાધનોથી સજ્જ કર્યું છે, કોરોનાના પ્રથમ તબક્કામાં અંકલેશ્વર જીઆઇડીસીની જીઆઇએલ કંપનીએ ઓક્સિજન લાઈન બનાવી આપી હતી. રાજ્યના સહકાર મંત્રી ઈશ્વરસિંહ પટેલ દ્વારા ૬ બાયપેક તેમજ તેમની ગ્રાન્ટ માંથી અન્ય મેડિકલ સાધનો ઉપલબ્ધ કરાવ્યા છે,તેમજ કોરોના ના સંભવિત ત્રીજા તબક્કાને ધ્યાને લઇ દહેજની ભારત રસાયણ કંપની દ્વારા ઓક્સિજન પ્લાન્ટ ઉભો કરી તેને કાર્યરત કરવામાં આવ્યો છે આ ઓક્સિજન પ્લાન્ટ થકી દિવસ દરમ્યાન ૨૫ જેટલા જમ્બો ઓક્સિજન બોટલો પ્રોવાઈડ કરે તેવી ક્ષમતા ધરાવે છે સાથે ગુજરાત કેમિકલ પોર્ટ કંપની દ્વારા આ સીએચસી સેન્ટર ને બે વેન્ટિલેટરની ભેટ આપવામાં આવતા આ સામુહિક આરોગ્ય કેન્દ્ર કોરોનાના સંભવિત ત્રીજા તબક્કાને પહોંચી વળવા સજ્જ બન્યું છે. (૧૪.૧)

### ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશન યુથ વિંગમાં

# સૌરાષ્ટ્ર ઝોન કો. ઓડીટર તરીકે અજીમ લાખાણીની વરણી

## અમરેલી તાલુકામાં યુથની રચના કરશે



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

રાજકોટ, તા.૫

ઓલ ઈન્ડિયા મેમણ જમાત ફેડરેશન યુથ વિંગ સૌરાષ્ટ્ર ઝોન કો-ઓડીટર તરીકે અજીમ લાખાણી ની વરણી કરાઈ જેને સર્વ એ આવકારી છે. અજીમ લાખાણી ૨૦૧૯ થી ઓલ ઇન્ડિયા મેમણ જમાત ફેડરેશન સાથે જોડાયેલા હોવા ઉપરાંત વિધાર્થી કાળથી જ સેવાના ભાવ સાથે અને વિધાર્થીઓન પ્રશ્ન સતત કાર્ય કરતા રહ્યા છે અમરેલી મેમણ જમાત માં સભ્ય તરિકે તેમની સેવા નોંધ પાત્ર રહી છે અને અમરેલીની વિવિધ સંસ્થા સાથે જોડાયેલા છે.આગામી દિવસોમાં અમરેલી સિટી ઇન્ચાર્જની નિમણૂક અજીમ લાખાણી દ્વારા કરવામાં આવશે ઉપરાંત ઓલ ઇન્ડિયા મેમણ જમાત ફેડરેશન યુથ વિંગના પદાઅધિકારી સાથે સંકલન કરી અમરેલી તાલુકા માં પણ યુથની રચના કરવામાં આવશે. અજીમ લાખાણીએ ઓલ ઇન્ડિયા મેમણ જમાત ફેડરેશન ના પ્રમુખ હાજી ઇકબાલ ભાઈ ઓફિસર,યુથ ચેરમેન ઇમરાન ફુટવાલા,સૌરાષ્ટ્ર યુથ કન્વીનર યાસીન ડેડા,સૌરાષ્ટ્ર ઉપપ્રમુખ હાજી યુનુશભાઈ દેરડીવાલાનો આભાર વ્યક્ત કરેલ છે.

# વાલિયાના દેશાડ ગામે યુવાનનો ગળે ફાંસો ખાઈ આપઘાત



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

વાલિયા,તા.૫

નેત્રંગના કામલીયા ગામનો ૩૫ વર્ષીય રમેશ કાલુ વસાવાએ દેશાડ ગામની સીમમાં આવેલ અખતરહુશેન અબ્દુલકરીમ શેખના ખેતરમાં આવેલ સમડીના ઝાડની ડાળી સાથે પોતાના શર્ટ વડે કોઈ અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો જે અંગેની જાણ ગ્રામજનોને થતા તેઓ એ વાલિયા પોલીસને જાણ કરતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી રમેશ વસાવાના મૃતદેહને ઉતારી પોસ્ટમોર્ટમ અર્થે વાલિયાના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. (૧૪.૬)

# રાજપરડી પોલીસ દ્વારા સિમ ચોરીમાં બે શખ્સોની ધરપકડ



## રૂ. ૩૬,૨૦૦ નો ચોરીનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી કરાઈ

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

ભરૂચ, તા.૫

પોલીસ ટીમ આજરોજ રાજપારડી પોલીસ સ્ટેશન વિસ્તારમાં વાહન ચેકિંગમાં હાજર હતા તે દરમિયાન બાતમીની હકીકતને આધારે નેત્રંગ રોડ તરફથી રાજપારડી બજાર તરફ બે ઈસમો શંકાસ્પદ એક થેલામાં કોઈ વસ્તુઓ વેચવાના બહાનું કરતા હતા જેમાં પોલીસ દ્વારા થેલામાં તપાસ કરતા એક ઈન્વેટર SF સોનિક કંપનીનો સાથે ગેલવેનાઈઝ ના ૧૨ ફૂટના પત્ર નંગ ૪૧, લોખંડની દોઢની ૨૦ એંગલો, દવા છાંટવાનો સોઇકા કંપનીનો બેટરીવાળો એક પમ્પ, રબરનો ચરણો પાઇપ આશરે ૧૦૦ ફૂટ લાંબો, હેલોજન લાઈટ નંગ ૪ મુજબના કુલ ૩૬,૨૦૦/-ના કામનો ચોરીનો મુદ્દામાલ હોય જેથી સદર કડક રીતે પૂછપરછ કરતા આરોપી ભાંગી પડીને મુદ્દામાલ નવામાંલજીપરા ગામ પાસે સારસા ડુંગર વિસ્તારમાં સંતાડેલ હોય અને પુરાવા અંગે જોગવાઈ કરતા કોઈ જવાબ ન મળતા જેથી બન્ને આરોપીઓની રાજપારડી પોલીસે ધરપકડ કરી હતી.

પકડાયેલ આરોપીઓ: મોતીલાલ શનાભાઈ વસાવા (રહે.અવિધા, ઝગડિયા, ભરૂચ) અને દિનેશભાઇ લાલજીભાઈ વસાવા (રહે.નવામાલજીપરા, ઝગડિયા) ભરૂચનાઓની આજરોજ રાજપારડી પોલીસ દ્વારા ધરપકડ કરીને આગળની કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. (૧૪.૧૦)

# ભરૂચ જીલ્લામાં બોગસ ડોકટરનો રાફડો ફાટ્યો





**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

ભરૂચ, તા.૫

ભરૂચ જીલ્લામાં લોકોના જીવ સાથે ચેડા કરતા બોગસ તબીબોનો જાણે ટ્રેન્ડ ચાલુ થયો હોય તેમ વધુ ૬ ઝોલા છાપ તબીબો પ્રેક્ટીસ કરતા ઝડપાયા છે. આ સાથે જ ભરૂચ જીલ્લામાં અત્યાર સુધીમાં ૨૬ બોગસ ડોકટરોનો જીલ્લા પોલીસ SOG, LCB દ્વારા પકડી પાડ્યા છે.

## અત્યાર સુધીમાં ૨૬ ડોક્ટર પકડાયા

મોટાભાગના તબીબો પશ્ચિમ બંગાળના હોવાનું બહાર આવ્યું છે. તાજેતરમાં જ ૧૪ તબીબો ઝડપાયા ઝડપાયેલ તબીબોમાં તુવાર ગુરુદ્વારના કમ્પાઉન્ડમાં પ્રેક્ટીસ કરતા કરોર સિંગ સંદુ, નેત્રંગ ખાતે પીયુષ વિનોદ સરકાર શર્મા, થવા ખાતે ચિતરંજના મંડલ દહેજ ખાતે બિરલા કોપર, લેબર કોલોનીમાં સુજલ દલાલ જયનાથ, હાસોલ ખાતે શબ્બીર મોહમદ ફકીર, ઝગડીયાના દધેડા ખાતે શ્યામલ બીસ્મારીને ઝડપી પાડ્યા હતા.(૧૪.૮)

# આજે પૂર્વધારાસભ્ય સિધ્ધાર્થ પરમારનો જન્મદિવસ



આજે પૂર્વધારાસભ્ય સિધાર્થ પરમારનો જન્મદિવસ છે.તેઓ પૂર્વધારાસભ્યની સાથે મહાનગર પાલિકાની સમાજ કલ્યાણ અને ટાઉન પ્લાનિંગ કમિટીમાં પૂર્વ ચેરમેન તરીકેની ફરજ બજાવી ચૂક્યા છે આ ઉપરાંત રાષ્ટ્રીય દલિત મહાસંઘના સંયોજક તરીકે નીતિશાસ્ત્ર અને નૈતિકતાના નેતા બની જવાબદારી નિભાવી રહ્યા છે. આજે જન્મદિવસ પર તેમના મિત્રો, પરિવારજનો મો.૯૮૯૮૫૦૭૭૦૯ પર શુભેચ્છાઓ પાઠવી રહ્યા છે તથા સૌરાષ્ટ્રક્રાંતિ તરફથી જન્મદિવસની શુભેચ્છાઓ...

# શહેરમાં અલગ અલગ પાંચ સ્થળોએ બાઈક ચોરી કરનાર શખ્સ ઝડપાયો

## માલવિયા નગર પોલીસે બજરંગ પાર્કના શખ્સને દબોચી લઈ રૂ.૧.૫૦ લાખના પાંચ બાઈક કબજે કર્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫

શહેરમાં અલગ અલગ પાંચ સ્થળોએ પાંચ વાહનોની ચોરી કરનાર શખ્સોને માલવિયા નગર પોલીસે પુનીત નગરના ટાંક પાસેથી દબોચી લઇ રૂ.૧.૫૦ લાખના વાહનો કબ્જે કર્યો છે આ અંગેની વિગત મુજબ માલવિયા નગર પોલીસ મથકના પી.આઈ. કે.એન ભુકવાની સુચનાથી પી.એસઆઈ બી.કે.ઝાલા સહિતના સ્ટાફ વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા ત્યારે ચોક્કસ બાતમીના આધારે ૧૫૦ ફૂટ રીંગરોડ પર પુનીતનગર ના પાણીના ટાકા પાસેથી ચોરાવ બાઈક સાથે મોરબી રોડપર આવેલા બજરંગ પાર્કમાં રહેતા અશ્વિન ઉર્ફ પટેલ મણીલાલ મહેતા નામના શખ્સને દબોચી લઇ સઘન પૂછપરછ હાથ ધરતા ઝડપાયેલા શખ્સો શહેરના અલગ અલગ સ્થળોએથી પાંચ બાઈક ચોરી કર્યાની કબુલાત આવતા પોલીસે રૂ.૧.૫૦ લાખની કિમતના પાંચ બાઈકો કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

### કેન્દ્ર સરકારનાં સફળ સુશાસનના સાત વર્ષ પૂર્ણ થતાં

# સોમવારે રાજકોટ જિલ્લા અનુસૂચિત જાતિ મોરચા દ્વારા મહારક્તદાન કેમ્પ



## રક્તદાતાઓને મોટી સંખ્યામાં રક્તદાન કરી માનવતાનું ઉદાહરણ પુરૂ પાડવા અપીલ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૫

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સફળ સુશાસનને સાત વર્ષ પૂરા થયા છે. ત્યારે, પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર.પાટીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતીનભાઈ પટેલ સહિતના રાજયના મંત્રી મંડળ દ્વારા સેવા કાર્યો થકી આ સફળ સુશાસનના સાત વર્ષની ઉજવણી માનવતાવાદી કાર્યો દ્વારા કરવા અપીલ કરવામાં આવી છે.ત્યારે, ભાજપની વિવિધ પાંખો દ્વારા અનેકવિધ સેવા કાર્યો કરવામાં આવી રહ્યા છે.

આ અનુસંધાને ગુજરાત પ્રદેશ ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ ડો. પ્રધુમન વાંઝા, ગુજરાત પ્રદેશ અનુસૂચિત જાતિ મોરચાના ઉપપ્રમુખ રાજુભાઈ અઘેરા, પ્રદેશ મહામંત્રી ગૌતમભાઈ ગેડીયા અને વિક્રમભાઈ ચૌહાણે રાજયભરમાં રક્તદાન કેમ્પ યોજવા માટે કરેલા આદેશ અનુસાર રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ મનસુખભાઈ ખાચરીયા મહામંત્રી નાગદાનભાઈ ચાવડા મનસુખભાઈ રામાણી મનીષભાઈ ચાંગેલા, રાજકોટ જિલ્લા ભાજપ અનુસૂચિત જાતિ મોરચાના પ્રમુખ મનોજભાઈ રાઠોડ, અને મહામંત્રીઓ મહેશભાઈ વાણીયા અને લાલજીભાઈ આઠુંના માર્ગદર્શન હેઠળ સોમવારે સવારે ૯ થી બપોરે ૧ વાગ્યા સુધી કાલાવડ રોડ પર મેટોડા જીઆઇડીસી ગેટ નંબર ૨ નજીક આવેલા સદગુરુ કોમ્પલેક્ષ આઇસીઆઇસીઆઇ બેન્ક સામે મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

રકતદાતાઓને આ મહારકતદાન કેમ્પ માં બહોળી સંખ્યામાં ઉમટી પડી રક્તદાન એજ મહાદાનનું સૂત્ર સાર્થક કરવા અને કોરોના કાળમાં જરૂરિયાતમંદ લોકોને રક્તદાન દ્વારા મદદરૂપ બનવા અપીલ કરવામાં આવી છે. સાથોસાથ કેમ્પમાં અનુસૂચિત જાતિ મોરચાના જિલ્લા કક્ષાના તમામ હોદ્દેદારો અને કાર્યકરોને તેમના પરિવારજનો સાથે આવીને રક્તદાન કરવા માટે પણ મનોજ ભાઈ રાઠોડ તેમજ મહામંત્રીઓ લાલજીભાઈ આઠું અને મહેશભાઈ વાણિયાએ અનુરોધ કર્યો છે. (૪.૧)

# રાજકોટ ક્રાઈમ

## કેરીના ધંધામાં ખોટ આવતા ધંધાર્થીનો ઝેરી દવા પી આપઘાત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ,તા.૫: મોરબી રોડ પર રોણકી ગામ અપસે કેરીનાં ધંધાર્થીએ ધંધામાં ખોટ આવવાથી ઝેરી દવા પી જીવન ટૂંકાવી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી છે. પ્રાપ્ત વિગત મુજબ મોરબી રોડ પર સંતોષીનગરમાં રહેતા કેરીનો ધંધો કરતા કિશોર પૂનાભાઈ સોલંકી (ઉ.વ.૨૮) ને કેરીના ધંધામાં ખોટ આવતા રોણકી ગામ પાસે ઝેરી દવા પી આપઘાત કરી લેતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. પ્ર.નગર પોલીસે મૃતદેહને પી.એમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

## સાસરીયાના ત્રાસથી કંટાળી વેરાવળની પરિણીતાનો આપઘાત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ,તા.૫: વેરાવળની હરસિધ્ધિ સોસાયટીમાં રહેતી પૂજાબેન જયદીપભાઈ ચૌહાણ (ઉ.વ.૨૭) એ પોતાના ઘરે તેના પતિ જયદીપ તથા સસરા અશોક ચૌહાણનાં ત્રાસથી કંટાળી પોતાના ઘરે ગળાફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો. બનાવ અંગેની જાણ થતા માણાવદરનાં કોયલાણા ગામે રહેતા મૃતક પૂજાનાં પિતા અરવિંદ ડાયાભાઈ વાંજા (ઉ.વ.૫૨) એ પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

## ઓખામાં ધૂળેટીનો સ્પ્રે છાંટતા યુવકને ઝેરી અસર થઇ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ,તા.૫: ઓખા નવીનગરી લહેરી માતાજીનાં મંદિર પાસે રહેતા ભાવેશ સોમાભાઈ તાવડીયાએ ઓખા પોલીસ સ્ટેશનમાં વેપારી નંદલાલ જેઠા સુરજ, તેના પુત્ર નરેશ નંદાલાલ સુરજ સામે ફરિયાદ નોંધાવી છે. ફરિયાદમાં જણાવ્યું છે કે, આ બંને આરોપી ધૂળેટી રમવા માટે કલર સ્પ્રે આપેલો હતો. જે સ્પ્રે ઘરમાં છાંટતા પુત્ર મીતરાજ (ઉ.વ.૯) ને ઝેરી અસર થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો. જેથી ઝેરી સ્પ્રેનું વેચાણ કરનાર બંને આરોપી સામે ફરિયાદ નોંધાવી છે.

## આંબેડકરનગરની પરિણીતાનું બિમારી સબબ મોત

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ,તા.૫: ગોંડલ રોડ પર એસ.ટી.વર્કશોપ પાછળ આંબેડકરનગરમાં રહેતી સોનીબેન સંજય દાફડા (ઉ.વ.૩૭) નું ઘરે કેન્સરની ગાંઠની બિમારી સબબ બેભાન હાલતમાં મોત નિપજતા પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. માલવિયા પોલીસે મૃતદેહને પી.એમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે.

## આંબેડકરનગરમાં દંપતી પર દેવરનો સળીયા વડે હુમલો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ,તા.૫:૧૫૦ ફૂટ રીંગ રોડ પર રામાપીર ચોકડી પાસે આંબેડકરનગરમાં રહેતા મનીષા સાગર પરમાર (ઉ.વ.૨૨) તેના પતિ સાગર (ઉ.વ.૨૫) પર જુના ઝઘડાનો ખાર રાખી તેના દેવર સંજય પરમારે લોખંડનાં સળીયા વડે હુમલો કરી ઘરમાં તોડફોડ કરી હતી. ઘવાયેલા દંપતીએ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તબિબી સારવાર મેળવી હતી. યુનિવર્સીટી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## થાનગઢમાં નાલા ઉપરથી મિત્રએ મિત્રને ધક્કો માર્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ,તા.૫: થાનગઢમાં આંબેડકરનગરમાં રહેતા મજુરીકામ કરતા આશિષ મહેશ રાઠોડ (ઉ.વ.૨૨) એ સાંજે તે નાળા પાસે ઉભો હતો. ત્યારે તેના મિત્ર સંજય દિનેશ પરમારે જુના ઝઘડાનો ખાર રાખી ઝપાઝપી કર્યા બાદ યુવકને નીચે ફેકી દીધો હતો. જેમાં ગંભીર રીતે ઘવાયેલા યુવકને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો.

# ભગીરથ સોસાયટીમાં જુગાર રમતા આઠ ઝડપાયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)** રાજકોટ, તા.૫ સંત કબીર રોડ પર આવેલી ભગીરથ સોસાયટીમાં કેટલાક શખ્સો જાહેરમાં વર્લીફીચરના આંકડાનો જુગાર રમતા હોવાની બાતમી મળતા ક્રાઈમ બ્રાંચની ટીમે ૩ દરોડો પાડતા જુગાર રમતા મગ્ન વિઠલ ગોહેલ, મુકેશ ઉર્ફ જલારામ જયસુખ કારીયા, રાજ દિલીપ શીંગાળા, સુરજ દિલીપ શીંગાળા, હરી ડાયા રૈયાણી, રામજી ભીખા સોલંકી, જીતુ હરી ગોહેલ, હાર્દિક ઉર્ફ કાનો મગ્ન જળવ સહિત આઠ શખ્સોની ધરપકડ કરી રોકડા રૂ. ૩૯૦૦ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

# કુવાડવા પોલીસ સ્ટેશનની સામે જ ધમધમતુ કુટણખાનું ઝડપાયું



## એક વર્ષ પહેલા વૈશ્યાવૃતિનાં ધંધામાં પકડાયેલી ફઈ અને પાસાની હવા ખાઈ ચૂકેલો ભત્રીજો કુટણખાનું ચલાવતા હતાઃ શખ્સની ધરપકડ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ, તા.૫

રાજકોટ-અમદાવાદ હાઈ-વે પર આવેલા કુવાડવા રોડ પોલીસ સ્ટેશન સામે નવાગામ (આણંદપર) માં દેવનગરનાં ઢોરામાં ધમધમતા કુટણખાના પર ક્રાઈમ બ્રાંચની ટીમે રેડ પાડી અને એક શખ્સને દબોચી લઇ વૈશ્યાવૃતિનાં ધંધામાંથી બે મહિલાને પોલીસે છોડાવી હતી. જયારે કુટણખાનાની સંચાલિક અને અગાઉ એક વર્ષ પહેલા આજ સ્થળે વૈશ્યાવૃતિનો ધંધો કરતા પકડાયેલી મહિલા નાસી જતા પોલીસે તેની શોધખોળ આદરી છે.

આ અંગેની વિગત મુજબ કુવાડવા રોડ પર આવેલા નવાગામ (આણંદપર) દેવનગરનાં ઢોરા પાસે અને કુવાડવા રોડ પોલીસ સ્ટેશનની સામે જ છેલ્લા કેટલાક સમયથી દેહવ્યાપારનો ધંધો ચાલતો હોવાની બાતમી મળતા ક્રાઈમ બ્રાંચનાં પી.આઈ વી.કે.ગઢવી ની સુચનાથી પી.એસ.આઈ યુ.બી.જોગરાણા સહિતનાં સ્ટાફે દરોડો પડતા દેવનગરનાં ઢોરા પર રામાપીરનાં મંદિર પાસે રહેતો રવિ રમેશ ભાખોડીયા (ઉ.વ.૨૨) તથા નયના રાજેશ હુમાદીયા નામના ફઈ-ભત્રીજો બહારથી પરપ્રાંતિત સ્ત્રીઓને બોલાવી તેની પાસે વૈશ્યાવૃતિનાં ધંધો કરાવી ગ્રાહકો પાસેથી રૂ.૨૦૦૦ લઇ સ્ત્રીઓને રૂ.૧૦૦૦ આપી કમાણી કરતા હોવાથી પોલીસે રવિ રમેશ ભખોડીયાની ધરપકડ હતી. જયારે પોલીસને જોઈ તેની ફઇ નયના રાજેશ હુમાદીયા નાસી જતા પોલીસે તેની શોધખોળ આદરી છે. પોલીસે વૈશ્યાવૃતિનાં ધંધામાંથી બે યુવતિઓને છોડાવી પૂછપરછ કરતા જાણવા મળ્યું હતું કે નયના તેની ઓરડીમાં બંને યુવતિઓને રાખીને તેનો ભત્રીજો રવિ બહારથી ગ્રાહકોને મોબાઈલ ફોન પર ફોટો મોકલી દેહવ્યાપારનો ભાવ નક્કી કરી નયનાનાં ઘરે મોકલતો હતો અને નયના આવા રંગીન મીજાજી ગ્રાહકોની પાસેથી રૂ.૨૦૦૦ લઇ યુવતિ સાથે શારીરિક સંબંધ બંધાવી કમાણી કરતી હતી. વધુમાં જાણવા મળ્યું હતું કે અગાઉ નયના વૈશ્યાવૃતિનો ધંધો કરતા પકડાઈ ચૂકી છે. જયારે તેનો ભત્રીજો રવિ અગાઉ મોરબી રોડ પર વૈશ્યાવૃતિનો ધંધો કરતા પકડાઈ ગયો હોય. એકવાર પાસામાં જેલની હવા ખાઈ ચુક્યો છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# રાજકોટમાં ફરી 'સ્પા' ખોલવા દેવાની એશો.ની માંગણી

## સ્પા સાથે જોડાયેલા ૫૦૦૦ પરિવારોની રોજીરોટીને ખતરો, ભાડું–બીલો ચડી જતા સ્પા સંચાલકો આર્થિક મુશ્કેલીમાં મુકાયા

રાજકોટ, તા.૫

રાજકોટ સ્પા એસોસિએશનનાં સભ્યોએ દુકાનો રીઓપન કરવા માટે કલેકટરનેઆવેદનપત્ર પાઠવ્યું છે. સ્પા સથે જોડાયેલા ૫૦૦૦ પરિવારોની રોજી-રોટીને ખતરો હોવાથી તાકિદે નિર્ણય લેવા સભ્યોએ આવેદનપત્રમાં જણાવ્યું છે.

કોરોના મહામારીની પ્રથમ વેવ બાદ એક નાના વિરામ બાદ કોરોનાની જે દ્વિતીય વેવ આવી હતી. જે દરમ્યાન તંત્રએ કરેલ કામગીરી અને લોકઉપયોગી નીતિઓથી મોટાભાગે આપણે લોકો એક વિરાટ સમસ્યાને નાથી શકવામાં સક્ષમ થયા, એ માટે તંત્રએ કરેલ પ્રયાસો અને તંત્રએ લીધેલ પગલાઓથી રાજકોટ સ્પા એસોસિએશન વાકેફ છે. તંત્રની કામગીરીને બિરદાવે છે.

આજે મોટાભાગે ના ઉદ્યોગ- વેપાર રીઓપન થઈ ચૂક્યા છે. ત્યારે રાજકોટ સ્પા એસોસિએશન વહીવટી તંત્રને અપીલ કરવા ઈચ્છે છે કે અમારા વ્યવસાય તરફ થોડી સંવેદનશીલતા દાખવે. પાન ના ગલ્લા, લારીઓ, મોલ્સ, શાકભાજી ખરીદીનાં સામુહિક સ્થળો વગેરે મોટી સંખ્યામાં મેદની એકઠી કરતા વ્યવસાય કેન્દ્રોને જ્યારે વ્યવસાય કરવાની મંજૂરી મળી ચુકી છે. ત્યારે શરીરમાં ઇમ્યુનિટી વધારતા અમારા વ્યવસાય ને શા માટે બાકાત રાખવામાં આવે છે એ તંદુરસ્તી જાળવવા ઉપસ્થિત થતો પ્રશ્ન છે. વિવિધ રિસર્ચ સંસ્થાઓ એ પણ કસરત- વ્યાયામ કરવાથી રોગપ્રતિકારકતા વધે છે. એ સાબિત કર્યું છે. વળી, અમારા વ્યવસાયના મોટાભાગના કેન્દ્ર ભાડાની પ્રિમાયસીસ ધરાવે છે, એટલે વ્યવસાય બંધ હોવા છતાં ભાડું ચૂકવવું જ પડે છે. તદુપરાંત, અનેક ટ્રેઇનર્સનો પગાર અને પીજીવીસીએલનાં ઇલેક્ટ્રિક બીલ્સ અમારે ફરજીયાત ચૂકવવા પડે છે. હાલ રાજકોટ સ્પા એસોસિએશન આશરે ૫,૦૦૦ પરિવારો ને એક યા બીજી રીતે, પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે રોજી રોટી આપવામાં નિમિત્ત છે.

હાલ પણ અમારા વ્યવસાય, કે જે ખરેખર તંદુરસ્તી અને રોગ પ્રતિકારકતા વધારવા જરૂરી અને અનિવાર્ય છે. છતાં રીઓપન કરવાના કોઈ આદેશો આવ્યા નથી. તાકિદે રીઓપન કરવા મંજુરી આપવા અને માંગણી કરીએ છીએ.

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા તા.૧૫-૨૧ જૂનથી લેવાનાર પરીક્ષાઓ મોકૂફ




## નવી તારીખો હવે પછી જાહેર થશે : કુલપતિ અને ઉપકુલપતિની જાહેરાત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

ગુજરાત સરકારની કોરોના ગાઇડલાઇનસને ધ્યાનમાં રાખીને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આજે એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી તા.૧૫ અને ૨૧મી જૂનથી શરૂ થનાર તમામ પરીક્ષાઓ હાલ મોકુફ રાખવામાં આવી છે. આજે કુલપતિ અને ઉપકુલપતિ દ્વારા આ ઘોષણા કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે, પરીક્ષાની નવી તારીખો હવે પછી જાહેર કરવામાં આવશે.

રાજય સરકારની ગાઇડલાઇન મુજબ હવે પછી આગળ તારીખો અંગે નિર્ણય લેવામાં આવશે. કોરોનાને કારણે ધો.૧૨ની પરીક્ષાઓ પણ રદ કરવામાં આવી છે આ રીતે એક પછી એક માધ્યમની પરીક્ષાઓ રદ કરવાની ફરજ પડી રહી છે.

# રાજકોટમાં ખાદ્ય પદાર્થમાં ભેળસેળ સામે રાજ્યના ફુડ સેફટી વિભાગનો સપાટો

## બાસમતી ચોખા અને સરસવ ઓઈલના નમુના પરીક્ષણ માટે મોકલાયા, કુલ ૧૫ વેપારીઓને ત્યાં ચેકિંગ થતા વેપારી વર્ગમાં ભારે ફફડાટ










(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

રાજકોટ શહેરમાં ખાદ્ય પર્દાથોમાં ભેળસેળની અને ખાસ કરીને સૌથી મોંધા ભાવે મળતા બાસમતી ચોખામાં પ્લાસ્ટીકના ચોખાની ભેળસેળની અનેક ફરીયાદો મળ્યા બાદ રાજય સરકાર ચૌકી ઉઠી છે અને કડક કાર્યવાહીનો આદેશ આપતા રાજકોટમાં ૧૫ જેટલા વેપારીઓને ત્યાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. અલગ-અલગ સ્થળેથી તપાસ કરીને ફુડ સેફટી વિભાગ ગાંધીનગરની ટીમ દ્વારા વેપારીઓને ત્યાંથી બાસમતી ચોખા અને અલગ-અલગ બ્રાન્ડના સરસવના તેલના નમુના ચકાસણી માટે કબજે લેવામાં આવ્યા હતા. તમામ નમુના ચકાસણી માટે મોકલવામાં આવ્યા હતા. ભેળસેળ વિરૂધ્ધી વ્યાપક કાર્યવાહીને કારણે શહેરના વેપારીઓમાં ફફડાટ મચી ગયો છે. મસ્ટર્ડઓઇલ સેમ્પલઃ- (૧)શ્રી ગીતા મસ્ટર્ડ ઓઇલ ૫૦૦ એમએલ બોટલ, સ્થળઃ-ઓમ ટ્રેડીંગ, મોચીબજાર મે.રોડ. (૨) તીરૂપતિ મસ્ટર્ડ ઓઇલ ૫૦૦ એમએલ બોટલ, સ્થળઃ- મે.ગુલાબચંદ કીરચંદ એન્ડ સન્સ, લાભ ચેમ્બર્સ, દાણાપીઠ. (૩) ઉમા બ્રાન્ડ મસ્ટડ ઓઇલ ૫૦૦ એમએલ બોટલ, સ્થળઃ-લક્ષ્મી ટ્રેડીંગ કુ., મોચીબજાર પોસ્ટ ઓફીસ સામે. (૪)ફોર્ચ્યુન પ્રીમીયમ કાંચી ધાની મસ્ટર્ડ ઓઇલ ૫૦૦ એમએલ, સ્થળઃ-સતનામ માર્કેટીંગ ગાયકવાડી સીંધુ બેન્ક સામે, (૫) નકોડા મસ્ટર્ડ ઓઇલ કાંચી ધાની ઓઇલ ૨૦૦ એમએલ, સ્થળઃ-ગોલ્ડન સુપર માર્કેટ, સાધુવાસવાણી રોડ.(૬) અપ્પુ ગોલ્ડ કાચી ધાની મસ્ટર્ડ ઓઇલ ૫૦૦ એમએલ, સ્થળઃ- તુલસી સુપર માર્કેટ, આલાપ ગ્રીનસીટી સામે, રૈયા રોડ.

ફુડ સેફટી ડિપાર્ટમેન્ટ- ગુજરાત રાજ્ય ગાંધીનગર ને મળેલ માહીતી અનુસાર બાસમતી રાઇસમાં પ્લાસ્ટીકના ચોખાની ભેળસેળ કરવામાં આવે છે તેને અનુલક્ષીને - રાજકોટ મહાનગરપાલીકા ફુડ શાખા દ્વારા બાસમતી ચોખાના જુદા જુદા વિતરકોને ત્યા ચકાસણી હાથ ધરવામાં આવેલ અને નીચે દર્શાવ્યા મુજબના - બાસમતી રાઇસના નમુના ફુડ સેફ્ટી સ્ટાનડર્ડ એક્ટ ૨૦૦૬ અન્વયે એનાલીસીસ અર્થ મોકલવામાં આવેલ.

(૧) શાહી વીર ડિલાઇટ બાસમતી રાઇસ ૧ કિ.લો., સ્થળઃ- એમ.ડી.મહેતા, ૧-લાતી પ્લોટ.

(અનુ.પાના નં.૪ ઉપર)

## સ્ટેટ એકશન પ્લાન ઓન કલાઈમેટ ચેન્જ લોંચ કરનાર દેશનું પ્રથમ રાજય બનતું ગુજરાત

ગાંધીનગર, તા.૫

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ વિશ્વ પર્યાવરણ દિવસનાં રોજ ગુજરાતની આગવી પહેલ રૂપ સ્ટેટ એક્શન પ્લાન ઓન ક્લાઈમેટ ચેન્જ લોંચ કરીને ગુજરાતને આ ક્ષેત્રમાં પ્રથમ રાજ્ય બનવાનું ગૌરવ અપાવ્યું છે.

રાજ્યનાં ક્લાઈમેટ ચેન્જ વિભાગ દ્વારા આઈ.આઈ.એમ અમદાવાદ અને આઈ.આઈ.ટી ગાંધીનગરનાં તજજ્ઞોનાં સહયોગથી તૈયાર કરાયેલા એક્શન પ્લાનનું આજે મુખ્યમંત્રીએ લોન્ચિંગ કર્યું હતું અને ખાસ અહેવાલનું વિમોચન કર્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, પર્યાવરણ સામેના પડકારોને પહોંચી વળવા લાંબા ગાળાની યોજના બનાવનાર ગુજરાત પ્રથમ રાજ્ય છે. ગુજરાત પાસે લાંબો દરીયા કિનારો, વન, પર્વતો અને રણનું વૈવિધ્ય છે. એટલે પર્યાવરણ જાળવણી માટે સૌર અને પાવર ઉર્જા તથા ઈલેક્ટ્રીક વાહનો પર વધુ જોર આપવામાં આવી રહ્યું છે.

## એક, બે, ત્રણ વિષયમાં નાપાસ થયેલા
# ધો.૧૦ના રિપીટર વિદ્યાર્થીઓને માસ પ્રમોશન આપવા રજૂઆત



### શિક્ષણમંત્રી ચુડાસમાને રજૂઆત કરતા ધારાસભ્ય ગોવિંદ પટેલ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૫

રાજકોટ વિધાનસભા-૭૦ના ધારાસભ્ય ગાવિંદભાઇ પટેલ એ રાજયના શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને પત્ર પાઠવી જણાવ્યું છે કે, કોરોના મહામારીને ધ્યાનમાં લઇને કેન્દ્ર સરકારે ધો.૧૦-૧૨ની પરીક્ષા રદ્ કરવાનો નિર્ણય કરેલ. તેના અનુસંધાને રાજય સરકારે પણ સમયોચીત નિર્ણય કરેલ જે નિર્ણય કરેલ જે આવકાર દાયક છે.

ધો.૧૦ના રિપીટર વિદ્યાર્થીઓ એક, બે કે ત્રણ વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ અંગે નિર્ણય લઇ માસ પ્રમોશન આગામી પરિણામોને ધ્યાને લઇને તે પ્રમાણે માર્કર્સ આપી પાસ કરવા જોઇએ. જેથીતે વિદ્યાર્થીઓને અન્યાય ન થાય આ અંગે નિર્ણય લેવા જણાવાયું છે.

ધો.૧૦ના રિપીટર વિદ્યાર્થીઓ કે જેઓ એક, બે કે ત્રણ વિષયમાં નાપાસ થયા હોય તેવા વિદ્યાર્થીઓ અંગે નિર્ણય કરીને માસ પ્રમોશન આપવા ધારાસભ્ય ગોવિંદભાઇ પટેલએ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને પત્ર પાઠવી રજૂઆત કરી છે.

## રાજકોટ પ્રા.શિક્ષણ સમિટિમાં મુળ કોંગ્રેસીને સભ્ય પદે નિયુકત કરવાના મામલે ઉપલાકાંઠામાં રાજકારણ ગરમાયુંની ચર્ચા

સોનલ કેટરર્સ
શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ
બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.

૬ રોટલી, દાળ–ભાત, શાક, છાશ, સલાડ
સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯, ૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮
લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.
સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.

## આજે વિશ્વ પર્યાવરણ દિન, આત્મનિરિક્ષણનો અવસર
# વિશ્વમાં વન અને વૃક્ષ નિકંદન પર પ્રતિબંધ મુકનાર પહેલો દેશ નોર્વે

**જંગલોના વિનાશ માટેનો સૌથી મોટો વિલન આફ્રિકી નાઇઝીરીયા દેશ, પર્યાવરણ અને વન સુરક્ષા માટે સૌથી વધુ શ્રેષ્ઠ કામ કરનાર બ્રાઝીલ, જગતમાં ચાર દેશો એવા છે જયાં વન નામનુ કોઇ અસ્તિત્વ જ નથી, ભારતમાં પર્યાવરણની ગાડીને ફરી પાટે ચડાવવા ધનીષ્ઠ વનીકરણ જરૂરી, સાવ મામુલી વાતમાં કોઇ 'આલયા માલીયા'ને ઘટાદાર વૃક્ષ કાપવા દેવાય નહીં, વિશ્વમાં અત્યારે ભાવિ પેઢી ખાતર વધુ વૃક્ષોનાં ઉછેરનો સમય આવી ગયો, આપણા ભાવિ સંતાનો માટે ટીવી અને મોબાઇલ નહીં વૃક્ષો જ બનશે તારણહાર**





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

(અસલમ ફારૂક)

રાજકોટ, તા.૫

આજે વિશ્વભરમાં પર્યાવરણ દિનની જોરશોરથી ઉજવણી કરવામાં આવી રહી છે. જાતજાતના અને ભાતભાતના કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. લોકજાગૃતિ માટેના પ્રયાસો કરવામાં આવી રહયા છે. વિશ્વ માટે કલાયમેન્ટ એટલે કે પર્યાવરણમાં દિન પ્રતિદિન થઇ રહેલો બગાડો અને તેના પગલે નિયમીત મૌસમના કેલેન્ડરમાં થઇ રહેલા અણધાર્યા ફેરફારો સૌથી મોટી અને ગંજાવર સમસ્યા બની ચુકયા છે. પર્યાવરણ જેમ જેમ બગડતું જાય છે તેમ તેમ માનવ જાત સામે હવામાનના પ્રદુષણ, ઋતુ ચક્રના અણધાર્યા ફેરફારો અને જાત જાતની મહામારીઓના પડકારો ઉભા થઇ રહયા છે જેની સામે ઝઝુમવા માટે કાચા સાધનો અને અપુરતી સંપત્તિનો ઉપયોગ કરવો પડી રહયો છે. ફળ સ્વરૂપે વિકાસના મહત્વના કામો પર ગાજ આવી રહી છે. આ એક પ્રકારની વિષચક્ર છે જે દાયકાઓથી કોઇ એક દેશ નહીં બલકે સમગ્ર માનવ જાતને પરેશાન કરી રહયું છે. છેલ્લા ૧૫૦ વર્ષથી ઔદ્યોગીકરણ ગતીમાન થયા બાદ પર્યાવરણની સમસ્યા વધુ સંગીન અને સંકટ રૂપ બની છે. બળતામાં ધી હોમાતુ હોય તેમ પાછલી એક સદીમાં ઔદ્યોગીક અને રહેણાંક વિકાસના નામે જે ક્રુરતા પુર્વક આપણે જંગલો અને વૃક્ષોનો નાશ કરી નાખ્યો છે એ ભુલ સમજાઇ ત્યારે ઘણુ મોડું થઇ ગયું છે અને તેના ગંભીર પ્રતિકુળ પરિણામો અને આડઅસરો આપણી આજની પેઢી ભોગવી રહી છે. આ સમસ્યામાંથી છુટકારો મેળવવો હોય તો તેનો એક જ રસ્તો છે કે, કમસે કમ આપણે જેટલા જંગલોનું નિકંદન કાઢી નાખ્યું છે એ ભુમી પર ફરી વખત ધનિષ્ઠ વનીકરણ શરૂ થવું જોઇએ. એક એક વૃક્ષને અત્યંત જરૂરી અને મહત્વનું ગણીને તેના પર આડેધડ કરવત અને કુહાડાના ધા કરીને તેને કાપવાની મનાઇ ફરમાવવામાં આવી જોઇએ. હજુ સુધી આ દિશામાં જોઇએ તેવી જાગૃતિ આવી નથી તેની સખેદ નોંધ લેવી રહી. એક દેશ એવો છે જે આ દિશામાં અન્યો માટે પ્રેરણા રૂપ બન્યો છે એ દેશનું નામ નોર્વે છે. જયાં વૃક્ષો અને જંગલો કાપવા પર પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો છે. વિશ્વનો આ એવો પ્રથમ દેશ છે જેણે વનના અને વૃક્ષના નિકંદન પર સંપુર્ણ પ્રતિબંધ જાહેર કર્યો છે. અન્યો દેશો હજુ ફીફા ખાંડી રહયા છે.

વિશ્વમાં જંગલોનું સૌથી વધુ મોટા પ્રમાણમાં નિકંદન કાઢનાર વની કરણનો દુશ્મન સૌથી મોટો વિલન દેશ અંધારીયા આફ્રિકા ખંડનો દેશ નાઇઝીરીયા છે. જે આંકડા જાહેર થયા છે એ ચોકાવી દેનારા છે. છેલ્લા પાંચ જ વર્ષમાં નાઇઝીરીયાએ તેના અડધાથી વધુ વન વિસ્તારનો નખોદ વાળી નાખ્યું છે. નાઇઝીરીયાની જેમ જ આવો બીજો દેશ લેટીન અમેરિકી દેશ છે જેનું નામ છે હોન્ડુરાસ... આ દેશમાં પણ તેના કુલ પૈકીના ૫૦ ટકા વન વિસ્તારનું નિકંદન નિકળી ચુકયું છે. આવા બીજા પણ દેશો છે જયાં વૃક્ષો અને જંગલોનો બેફામ અને ક્રુર ઠબે નાસ કરી

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજયમાં મ્યુકરમાઇક્રોસીસ દર્દીના ૪૦૦ થી વધુ રેકોર્ડબ્રેક ઓપરેશન રાજકોટ સિવિલ હોસ્પિટલમાં



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા ૫

રાજયમાં મ્યુકર માઇક્રોસીસ દર્દીના ૪૦૦ થી વધુ રેકોર્ડબ્રેક ઓપરેશન કરી રાજકોટ સિવિલ હોસ્પિટલના નિષ્ણાત તબીબોની ટીમે રાજ્ય કક્ષાએ નામના મેળવી છે. રાજકોટની સિવિલ હોસ્પિટરમાં આજે ૫૦૦ બેડ ફુલ થઈ જતાં તંત્ર દ્વારા સમરસ હોસ્ટેલ ખાતે પણ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે. હાલમાં સિવિલ હોસ્પિટલમાં મ્યુકર માઈકોસિસના ૪૯૪ દર્દી સારવાર હેઠળ છે. જયારે સમરસ હોસ્ટેલમાં ૧૯૩ દર્દી દાખલ છે આ ઉપરાંત સિવિલમાં દરરોજ ૩૦ થી વધુ દર્દીઓની ઓપીડી

**મ્યુકરમાઇક્રોસીસ દર્દીની ઓપીડીની સંખ્યામાં વધારો થતા બેડો પણ વધારાયા; ૨૪ કલાકમાં ૧૮ થી૨૦ દર્દીના ઓપરેશનો, સિવિલમાં ૪૯૪ અને સમરસમાં ૧૯૩ દર્દી**

પણ ૪૯૪ દર્દી સારવાર હેઠળ છે જયારે સમરસ હોસ્ટેલમાં ૧૯૩ દર્દી સારવાર લઈ રહ્યા છે.આ ઉપરાંત ખાનગી હોસ્પિટલમાં પણ મ્યુકર માઇક્રોસીસની દર્દીની સંખ્યામાં વધારો નોંધાયો છે.

રાજકોટ સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ ડો.આર.એસ.ત્રિવેદીએ જણાવ્યું હતું કે સિવિલમાં મ્યુકર માઈકોસિસ માટે ૫૦૦ બેડની સુવિધા ઉભી કરવામાં આવી હતી. એક સમયે છે જેમાંથી ૯ થી ૧૦ દર્દીઓને દાખલ કરવામાં આવી રહ્યા છે. સિવિલ હોસ્પિટલમાં ૨૪ કલાક ઓપરેશન કરી દરરોજના ૧૮ થી ૨૦ ઓપરેશન થઈ રહ્યા છે. જયારે હજુ ૫૦૦ દર્દીઓ ઓપરેશન માટે વેઈટીંગમાં હોવાનું જાણવા મળ્યુ છે. અત્યાર સુધીમાં મ્યુકર માઈકોસિસથી રાજકોટમાં પાંચ દર્દીના મૃત્યુ નીપજયા છે.

મ્યુકર માઈકોસિસના દર્દીઓને બે પ્રકારના ઈન્જેકશન આપવામાં આવી રહ્યા છે. જેમાં કન્સલ્ટન્ટ તબીબની સલાહ મુજબ જરૂરીયાત મુજબ ઈન્જેકશન આપવામાં આવી રહ્યા છે. રાજકોટ સિવિલમાં આવતા દર્દીઓ પૈકી ૪૦ ટકા દર્દી રાજકોટ શહેરી વિસ્તારમાં જયારે ૬૦ ટકા જેટલા દર્દી રાજકોટ ગ્રામ્ય અને અન્ય જિલ્લામાંથી આવતા હોવાનું જાણવા મળ્યું છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા–કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–૩૬૦૦૦૧

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.